આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૫ • અંક : ૨

સળંગ અંક : ૧૦૧૪

મે-૨૦૨૫



# વનશ્રીને ખોળે

જીવનથી થાકી ગયા છો અને નકામી વસ્તુઓથી નાનકડી
દુનિયામાં ગોંધાઈ ગયા છો?
તો જતા રહો વનશ્રીને (નવજીવનને) ખોળે.
ત્યાં ઊભાં છે; વૃક્ષો; તમારી રાહ જોતાં. એ ઈશ્વરનાં છડીદાર છે.
ડાળીએ ડાળીએ ફૂટી રહેલાં વાસંતી ફૂલોનો
આનંદ છલકતો જોવા મળે છે.
ત્યાં રાહ જુએ છે પંખીઓ વનમાં, તમને ગીત સંભળાવવા.
છોડી દો ક્યારેક આ બધું અને નીકળી પડો ડુંગરા ખુંદવા;
જંગલમાં ભટકવાં અને ઝરણાઓનાં કલરવ સાંભળવા.
સાથે લઈ લો થોડુંક ભાથું, લંબાવી દો ઝાડવાનાં છાંયે
અને કાંઈ જ ન કરવાનો આનંદ માણો.
પછી જ તમને અકલ્પ્ય દિશામાંથી ઉત્તમ વિચારો આવશે.
આંખમાં સુંદર સપનાં સળવળશે.
ભારેખમ પ્રશ્નો આપોઆપ અદૃશ્ય થઈ જશે.
ચાલો દોડો  નવજીવન તરફ - જંગલ તરફ!
ત્યાં તમને મળશે પારદર્શક મન અને
મળશે શાંતિથી સભર-સભર આત્મા.

– ફિલ બોસ્મન્સ

# ઘરશાળા

વર્ષ : ૮૫

સળંગ અંક : ૧૦૧૪ | મે - ૨૦૨૫



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| સહતંત્રી : | અશોકભાઈ સોમપુરા |
| વ્યવસ્થા અને સંકલન : | કે. ડી. પટેલ |
| પરામર્શ : | અમિતાબહેન પાલખીવાલા |


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**


**-: ઘરશાળા કાર્યાલય સરનામું :-**

**સરસ્વતી વિદ્યામંડળ**
**ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮**

**ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭**
**મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩**


## અનુક્રમ


| | |
|---|---|
| શિક્ષકનું મૂલ્ય | રઘુભાઈ નાયક /૪ |
| સંપાદકીય : ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરને વંદન | અશોક સોમપુરા /૫ |
| શિક્ષણ જાણે ઉત્સવ જેને | ઈશ્વર પરમાર/૭ |
| સંવાદ એ સૌથી શ્રેષ્ઠ સધિયારો છે. | મિત્તલ પટેલ/૧૩ |
| મહાત્મા ગાંધી એક સાહિત્યકાર | શ્યામજીભાઈ એમ. દેસાઈ/૧૪ |
| સહનશીલતાથી સૌહાર્દ તરફ | રણછોડ શાહ/૨૧ |
| આઝાદીના ગર્ભમાં રહેલા નવરસ | અમિતાબેન પાલખીવાલા/૨૪ |
| શ્રી બચુભાઈ રાવલ ઉત્તમ ગણિત શિક્ષક | હીરાલાલ છોડવડીયા/૩૦ |
| કેળવણીયુક્ત શિક્ષણ : અનિષ્ટોનું અમોઘ ઔષધ | રેખાબા સરવૈયા/૩૧ |
| પર્યાવરણ સમીપે | ડૉ. પ્રવીણ મકવાણા 'ગાફેલ'/૩૪ |
| મારું જીવન અંજલિ થાજો! | પ્રીતિ શાહ/૩૫ |
| ગુરુજીનું ઋણ | ડૉ. હર્ષદ વી. કામદાર/૩૭ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા/૪૦ |



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication


## લવાજમ અંગેની માહિતી

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૦૦ | ₹ | ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૫૦૦ | ₹ | ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૮૫૦ | ₹ | ૮૫૦૦ |

**લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વૉટ્સઅપ દ્વારા મોબાઈલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.**

-: ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-
બેંકનું નામ :- બેંક ઓફ બરોડા
ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક
આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)

# શિક્ષકનું મૂલ્ય

- રઘુભાઈ નાયક

આપણે શિક્ષકના ધંધાનું અવમૂલ્યન કરી શિક્ષક તરફ નીચી નજરે જોઈએ છીએ. એ વૃત્તિ બદલવી પડશે. શિક્ષણને ધંધા તરીકે સ્વીકારી તેમાં દિવ્યતા, ધાર્મિકતા અને 'સેવા' શોધવાનું બંધ કરવું પડશે. ઓપરેશન ટેબલ પર જઈ, પોતાની ધારી કિંમતના રોકડા નાણાં માંગનાર દાક્તર, મકાન બંધાયા પછી બીજા જ વર્ષે પાણી ગળે, દિવાલોમાં તિરાડ પડે, પૂલનો કોઈ ભાગ બેસી જાય તેને માટે ઇજનેર, આર્કિટેક કે બિલ્ડર તરફ આપણે કેવો અભિગમ રાખીએ છીએ? ખોટાને સાચો ઠેરવવા માટે લાખો રૂપિયા કમાનાર વકીલોનો આપણે કેવો અને કેટલો આદર કરીએ છીએ? સમાજે શિક્ષકો અને શિક્ષણસંસ્થા તરફનું વલણ સુધારવું પડશે. તેમાં ચાલતા ભ્રષ્ટાચારોના જ ગાણા ગયા કરીશું અને કોઈ સાચી સમજ ઉપર આધારિત રચનાત્મક દૃષ્ટિબિંદુ નહિ અપનાવીએ તો આપણે શિક્ષણને સુધારી શકીશું નહિ.

(ઘરશાળા માસિક : જાન્યુઆરી-૧૯૯૨માંથી સાભાર)



# *સંપાદકીય*

**અશોક સોમપુરા**

## ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરને વંદન

સાતમી મે-નો દિવસ એ ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનો જન્મદિવસ છે. સારું શિક્ષણ અને સારી કેળવણી માટે મથનારા સૌ શિક્ષણપ્રેમીઓએ આ દિવસે તેમને જરૂર યાદ કરવા જ ઘટે. કારણ કે શિક્ષણની સાચી સંકલ્પના અને મૂલ્યવાન આદર્શોને તેમણે વાસ્તવિક રીતે મૂર્તિમંત કરીને શિક્ષણની સાચી સ્થિતિનો ઉપયોગી સંદેશો સમગ્ર જગતને પૂરો પાડ્યો. તેમણે તેમના શૈક્ષણિક ધામ ''શાંતિનિકેતન'' ને આશ્રમનું આદર્શ સ્વરૂપ આપ્યું. શાંતિનિકેતનનું સમગ્ર પરિસર લીલાછમ વૃક્ષો અને ટાઢક આપનારી વનરાજીથી શોભતું હતું.

ગુરુદેવ ટાગોરની શિક્ષણ માટેની વિચારધારા ખૂબ ઊંડી, ગહન અને મુક્ત સમાજના ઘડતરની મથામણ માટે હતી. તેમના નિબંધો, નાટકો અને કાવ્યો એ ઉત્તમ પ્રેરણા માટેના અમૃતકુંભ સમાન છે. આથી શિક્ષક તરીકેનું કામ કરનારા એમનાં જીવનકાર્યોને વાગોળે, તેમની ઉત્તમ વિચારસરણીમાંથી પસાર થાય તો તેમને પોતાના કામને વધારે સારું ઉજાગર કરવા માટે માર્ગ મળી જ રહે તેમાં જરાય શંકા નથી.

રવીન્દ્રનાથ ટાગોરની શિક્ષણ વિશેની ફિલસૂફી સાવ અલગ હતી. શિક્ષણ મેળવવા ઇચ્છનારને સર્વ પ્રકારની સ્વતંત્રતા મળે તેના તેઓ હિમાયતી. શિક્ષણ માટેનો કોઈ એક ચોક્કસ ઢાંચો હોય એ વાતને તેઓ સ્વીકારતા નહતા. તેઓ એમ જરૂર માનતા કે દરેક માનવીને સંવેદનાનું શિક્ષણ મળવું જોઈએ. તેમણે સમગ્ર જગતને એક પરિવારની નજરે જોયો હતો. આથી માણસ મહામાનવ બની એક વિશ્વ પરિવારમાં ભળી જાય તેવી તેમની શિક્ષણ માટેની આગવી ફિલસૂફી હતી.

તેમણે સ્થાપેલ શૈક્ષણિક સંકુલમાં તમામ પ્રકારની ભાષાનું જ્ઞાન શીખાતું. વિવિધ કાવ્યો તેમજ સંગીતની વિવિધ પ્રકારની પદ્ધતિ જોવા મળતી. નાટ્યકલા, નૃત્યકલા, વિજ્ઞાન વિષયના વિવિધ શાસ્ત્રો, અને કલા જોવા મળતાં. કોઈપણ વસ્તુના છીછરા જ્ઞાનને તેઓ કદીય સ્વીકારતા નહિ. તેઓ દરેક વિષયના વિવિધ પાસાનો ખૂબ જ તલસ્પર્શી અભ્યાસ કરતા. તેમાંથી ઉત્તમ બાબતો જ તેમને ગમતી અને તેને જ તેઓ આદર્શ માનતા. સંગીતના વિવિધ સ્વરૂપો, કાવ્યો, નાટકો અને ધર્મશાસ્ત્રો તેમજ ઉપનિષદોની તેમના મન ઉપર ખૂબ ગાઢ અસર હતી.

રવીન્દ્રનાથ ટાગોરે માનવજાતને ઉદાર હૃદયની ભાવના, સ્વાર્થ ત્યજીને સર્વહિતની વૃત્તિને જીવનમાં સ્થાન આપવા માટે આહ્‌વાન કર્યું. વધુમાં આપણે એમ જરૂર સ્વીકારવું રહ્યું કે વિશ્વમાં

માનવજાતને ઉપયોગમાં આવે તેવી જીવન ફિલસૂફી જીવનની રીતીનીતિ અને ઉત્તમ પર્યાવરણના દરેક પાસાંને તેમણે ખૂબ જ ઊંડાણે વાગોળીને અને જીવનમાં ઉતાર્યા. આદર્શ અને ઉત્તમ જીવન માટે તેમની રહેણી-કરણી અને વિચારો માનવજાત માટે સદાય આશીર્વાદરૂપ રહેશે.

વર્તમાન સમયમાં શિક્ષણની નીતિ-રીતિ અને તેનું સ્વરૂપ બદલાઈ ગયું છે. પરિવર્તનના નામે સૌ શિક્ષકો-આચાર્યો ગાડરિયા પ્રવાહમાં તણાઈ રહ્યા છે. ચારેકોર કામ પૂરું કરવામાં કે પછી જે-તે પ્રવૃત્તિ પાર પાડવામાં જ બધાની વૃત્તિ નજરે પડે છે. નાટ્ય, કલા, કાવ્ય, ચિત્ર-સંગીત એ દરેક ક્ષેત્રમાં મૌલિકતા છીનવાઈ ગઈ છે. સર્જનાત્મક પ્રવૃત્તિ ગુંગળાઈ રહી છે. શિક્ષણના આદર્શો સમજવા કે તેના અમલ માટે કોઈને હૃદયપૂર્વકનો રસ રહ્યો નથી. માહિતીના અનેક પ્રકારના ઢગલા વિદ્યાર્થી સમક્ષ ઠાલવવામાં આવે છે. તેની ઉત્તમ પ્રકારની સુષુપ્ત શક્તિઓ બહાર ઊભરી આવે એ પહેલા જ નષ્ટ થઈ જાય છે. આવા મૂંઝવણભર્યા સંજોગોમાં ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનું જીવન આપણા સૌને ઝળહળતો પ્રકાશ પાથરી સાચો માર્ગ ચીંધશે. આવા વિશ્વ ગુરુને આજના પાવન દિવસે યાદ કરીને કોટિ કોટિ વંદન કરીએ છીએ.

---

❀ ❀ ❀

સમૂહજીવન વિદ્યાર્થીને સાચી રીતે ઘડવામાં મદદરૂપ બને છે. તેને સહિષ્ણુતા, પ્રેમ, સેવા, કર્તવ્ય જેવા ગુણ વિકાસની તાલીમ આપે છે.

❀ ❀ ❀

સાચી કેળવણી બગડતા સમાજને સુધારે છે. તેમાં સાદાઈનાં બીજ રોપાય છે અને વિકાસના અંકુરોફૂટે તેવી દિશાઓ બતાવે છે.

❀ ❀ ❀

જીવનવિકાસની સાધના વિદ્યાર્થીને સ્વાતંત્ર્ય આપવાથી જ શક્ય બને છે. એના આત્માને સત્ય સ્વરૂપે પ્રગટ કરવા માટે આ જ ઉત્તમ માર્ગ છે.

❀ ❀ ❀

હરીફાઈઓમાં જ્યાં સ્વાર્થના અંશો ન સ્વીકારાયા હોય ત્યાં તેનાં પરિણામો હંમેશા શુભ જ આવ્યાં છે.

❀ ❀ ❀

કેળવણી એક સળંગ સૂત્ર જીવન પ્રક્રિયા છે એટલે પાઠ્યપુસ્તકો અલગ અલગ હોય તોપણ તે એક જ પ્રવાહનાં અંગો છે એ ભૂલવું ન જોઈએ.

❀ ❀ ❀



(અનુસંધાન પૃષ્ઠ ૧૩ ઉપર)

# શિક્ષણ જાણે ઉત્સવ જેને

**- ઈશ્વર પરમાર**

અપ-ટુ-ડેટ કપડામાં સજીધજીને હાઈસ્કૂલે આવેલા મૅટ્રિકના વિદ્યાર્થીઓને પ્રાર્થનામાં તો સામેલ કરી શકાયા. હવે રહ્યું જબરું કામ : તેઓ સફાઈ-કામ કરવાનું પસંદ કરશે ખરા? પ્રાર્થના પૂર્વે જ નજીકમાં સાવરણા ગોઠવી રાખ્યા હતા; અને સાવરણે સાવરણે બાંધેલા હતા ઘૂઘરા! પ્રાર્થના પૂરી થઈ તે પછી એક શિક્ષકે તો ઘૂઘરાના રણકારે મેદાન વાળવાનું શરૂ કર્યું અને તેના તાલે ખેંચાઈને વિદ્યાર્થીઓએ પણ સાથ કર્યો અને નાચ-તાલ સાથે શાળાનું મેદાન ચોખ્ખુંચણાક!

સને ૧૯૪૭ના અરસામાં પોરબંદર ખાતેની ભાવસિંહજી હાઈસ્કૂલમાં બનેલી આ ઘટનાના સૂત્રધાર હતા પેલા શિક્ષક - શ્રી રતિલાલ છાયા. શિક્ષણને જ નહીં, જીવનને સ્પર્શતી બધી જ બાબતોને ઉત્સવ જેવો ઉમંગ આપી શકનાર આ આજીવન શિક્ષક હતા જંગમ વિદ્યાતીર્થ સમાન!

પિતા : કાશીલાલ; માતા : ગૌરીબહેન; જન્મતારીખ : ૨૦-૧૦-૧૯૦૮; જન્મસ્થળ : જૂના પોરબંદરનું ગામ ભડ. રતિભાઈનો જન્મ થયો તે જ અરસામાં પિતાજીની નોકરી ગઈ! આથી તે બાળક અપશુકનિયાળ મનાવા લાગ્યું : થોડુંક સમજાતી ઉંમરે બાળક પણ તેથી સંકોચ અનુભવવા માંડ્યું!

બચપણ પોરબંદરના નાના નાગરવાડાની શેરીમાં આળોટ્યું; આ સમયના સાથી હતા જાણીતા વાર્તાકાર તરીકે પ્રખ્યાત થનાર ગુલાબદાસ બ્રોકર.

રતિલાલનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પોરબંદરમાં થયું. એનું ગણિત નબળું. ત્રીજા પ્રયત્ને મુંબઈ યુનિવર્સિટીએ લીધેલ મૅટ્રિકની પરીક્ષા પસાર કરી. (૧૯૨૯)

કૌટુંબિક જવાબદારીઓને ન્યાય આપવા શિક્ષક તરીકેની નોકરી મેળવવા ઇચ્છતા હતા. સદ્ભાગ્યે ભાવસિંહજી હાઈસ્કૂલના તત્કાલીન પારસી આચાર્યે તેમને સામેથી બોલાવીને શિક્ષક તરીકેની નિમણૂક આપી. (૧૯૨૯) અહીં તેમણે ૩૮ વર્ષ (૧૯૨૯-'૬૮) શિક્ષણકાર્ય એક ઉત્સવના ઉમંગથી કર્યા કર્યું. નોકરી પછીના પંદરમા વર્ષે સને ૧૯૪૪માં રતિભાઈ એસ.ટી.સી. (ડિપ્લોમા ઈન એજ્યુકેશન ઑફ બૉમ્બે પ્રેસિડન્સી ફોર સેકન્ડરી સ્કૂલ્સ) થયા.

ભાવસિંહજી હાઈસ્કૂલ, પોરબંદરમાં એક વખતે પાંચ શિક્ષકો મૅટ્રિક-એસ.ટી.સી. હતા. તે સમયમાં મુંબઈ સરકારે નીમેલ ઘાટે-પરુળેકર કમિટીએ ટ્રેન્ડ ગ્રૅજ્યુએટ શિક્ષકોના અને મૅટ્રિક્યુલેટ એસ.ટી.સી. શિક્ષકોના, તે સમયમાં આકર્ષક ગણાય તેવા પગારધોરણ

સૂચવ્યાં હતાં. મુંબઈ રાજ્યે તો સૂચવાયેલ ગ્રેડનો સ્વીકાર પણ કર્યો, પરંતુ સૌરાષ્ટ્ર રાજ્યે ગ્રેજ્યુએટ ટ્રેન્ડ ટીચર્સને સૂચિત ગ્રેડનો લાભ આપ્યો પરંતુ મૅટ્રિક એસ.ટી.સી. ટીચર્સને ઠિંગો બતાવ્યો.

પોરબંદરના પાંચેય એસ.ટી.સી. શિક્ષકોએ આ અન્યાય બદલ ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનને અરજી કરી. કવિજીવ રતિભાઈને પગાર ને તેનાં ધોરણ જેવી બાબતમાં રસ ઓછો; પણ સાથી-શિક્ષકોને સાથ આપવા એમણે પણ ચાર શિક્ષકો સાથે અરજીમાં સહી કરી.

તે અરજીના અનુસંધાને સૌરાષ્ટ્ર રાજ્યના ડાયરેક્ટર ઑફ સેકન્ડરી એજ્યુકેશન શ્રી દલપતરાય જોશી ભાવસિંહજી હાઈસ્કૂલની મુલાકાતે પોરબંદર આવેલા ત્યારે એ પાંચેય શિક્ષકોને અલાયદા ખંડમાં બોલાવ્યા ને કહ્યું : ''તમારી અરજી મને મળી છે; સૌરાષ્ટ્ર રાજ્યે તમને કરેલ અન્યાય હું બરાબર સમજવા માગું છું.''

રતિભાઈ છાયા સિવાયના ચારેય શિક્ષકોએ આક્રોશપૂર્વક રજૂઆત કરવા માંડ્યા તે થોડીવાર સાંભળીને ડાયરેક્ટરે સુણાવી દીધું : ''મુંબઈની સરકાર તમારા જેવા શિક્ષકોને સોનાના નળિયા ચણાવી આપે, એટલે શું સૌરાષ્ટ્ર સરકારે એમ કરવું??''

અત્યાર સુધી મૌન રહેલા રતિભાઈથી હવે ન રહેવાયું. એમણે ડાયરેક્ટરની પૉલિશવાળી લાકડી ઉપાડીને કહ્યું : ''અમને વસવસો અને અપમાન તો ત્યાં જ લાગે છે કે આપ અમને આ લાકડી જેવા ગણો છો...''

''તમે શું કહેવા માંગો છો, મિ. છાયા?''

''અપમાન અમારું ત્યાં છે કે આપ અમને લાકડી જેવી કોમોડિટી ગણો છો. એની અછત હોય તો એના ભાવ વધુ બોલાય અને છત હોય તો ભાવ ગગડી જાય.''

''એ વળી શું?''

''જુઓ સાહેબ, સૌરાષ્ટ્ર રાજ્યમાં ગ્રેજ્યુએટ ટ્રેન્ડ ટીચર્સની તંગી એટલે આપે એમને ઘાટે-પરુળકર ગ્રેડ આપ્યો અને મૅટ્રિક-એસ.ટી.સી.ની છત છે એટલે એમને એ ગ્રેડ ન આપ્યો.''

''શિક્ષક માટે આવું બનેય ખરું!''

''સાહેબ, શિક્ષક કોઈ નિર્જીવ વસ્તુ નથી, પણ આત્મવાન ચૈતન્યશીલ વ્યક્તિ છે. શિક્ષકના ભાવ જરૂરિયાત હોય ત્યારે વધારી શકાય અને વિપુલતા હોય ત્યારે ઘટાડી શકાય એ શિક્ષકનું જ નહીં, 'માનવ'નું અપમાન છે, અને અન્યાય તો છે જ.''

- થોડા સમય બાદ મૅટ્રિક - એસ.ટી.સી. શિક્ષકોને ઘાટે-પરુળકર ગ્રેડ અપાય ખરો!

આ સ્વમાની અને સંવેદનશીલ શિક્ષક પાસે કવિતા ભણવી તે તેમના વખતમાં વિદ્યાર્થી-જીવનનો એક લ્હાવો ગણાતો. સને ૧૯૫૯ના અરસમાં તત્કાલીન આચાર્યો મૅટ્રિક ક્લાસ માટે નોટિસ કાઢી : હવેથી આચાર્ય કવિતાનો પિરિયડ લેશે ને બીજું ગુજરાતીનું જે

શિખવાડવાનું હશે તે રતિભાઈ છાયા શીખવશે.

તે દિવસોમાં કવિ-શિક્ષક રતિલાલ છાયા મૅટ્રિકના વિદ્યાર્થીને ચૌદ લીટીનું એક સૉનેટ સાત દિવસથી શીખવી રહ્યા હતા : રસાસ્વાદ કરાવી રહ્યા હતા. કાવ્ય-શિક્ષણના ઉત્સવ નિમિત્તે વિદ્યાર્થીઓના ચિત્તમાં કાવ્ય-પ્રેમનાં બી વાવીને અંકુરો ઉછેરતા હતા. તે વખતે વર્ગ આખો હોય ભાવ-વિભોર!

ઉત્સવ વચ્ચે ધોકા જેવી આચાર્યની નોટિસ વિદ્યાર્થીઓ સહી ન શક્યા. એમણે આચાર્યનો તાસ શરૂ થાય તે પહેલાં વર્ગ છોડી દીધો - શાંત અસહકાર! બીજે દિવસે રતિભાઈએ પોતાના તાસમાં એ વિદ્યાર્થીઓને કહ્યું : ''તમે ગુરુનું અપમાન કરો તો મારાથી સહન નથી થતું. આચાર્યસાહેબ જ્ઞાની શિક્ષક છે, તેઓ ભાષાના ઉત્તમ જ્ઞાતા છે.'' - તાસમાં આમ ત્રીસ મિનિટ લગી ગુસ્સો ઠાલવીને પ્રેમથી એ વિદ્યાર્થીઓને આચાર્ય પાસે કવિતા શીખવા સમજાવ્યા. પછી વિદ્યાર્થીઓને પૂછ્યું : ''હવે તમે શું કરશો?''

કુરજી લાખાણી નામના વિદ્યાર્થીએ ઊભા થઈને કહ્યું : ''સાહેબ, આપના પાસેથી સાહિત્યનું જે જ્ઞાન અને આનંદ અમે મેળવીએ છીએ તે હેડમાસ્તરસાહેબ અમને આપી શકશે નહીં. એમણે પાસેના ક્લાસમાં એક પિરિયડમાં ત્રણ કવિતા શીખવાડી છે; અમારે એમ નથી શીખવી. અમે આપના સિવાય કવિતા કોઈની પણ પાસે નહીં શીખીએ... નહી જ શીખીએ...''

આ રોકડિયા જવાબથી રતિભાઈ ખૂબ ગુસ્સે થયા. કુરજીને પાસે બોલાવ્યો. હાથ ઉગામ્યો પણ તેમની આંખમાં આંસુની ધાર! કુરજીની આંખોમાં પણ આંસુ! તેને ભેટીને શિક્ષક રતિભાઇ કહે : ''સત્યને પંથે હોય તેને ઈશ્વર જરૂર મદદ કરતો રહે છે.''

વિદ્યાર્થીઓના શાંત અસહકારને છેવટે ઈશ્વરનો સહકાર મળ્યો ને વિદ્યાર્થીઓની ઈચ્છા મુજબ રતિભાઈએ તે વર્ગમાં ફરી કાવ્ય-ઉત્સવ કરવા માંડ્યો. ક્યારેક તો તેઓ શાળાના ચોગાનમાં વૃક્ષ નીચે કવિતા ઊજવતા.

પ્રિય શાળા ભાવસિંહજી હાઈસ્કૂલનો કનકોત્સવ (૧૯૫૫) ઊજવવા માટે પચાસ હજાર રૂપિયા એકત્ર કરવાનું બીડું ઝડપ્યું. સફળ પણ થયા. આવા સંકલ્પો પાર પાડવા માટે ઉઘાડા પગે ચાલવાની પ્રતિજ્ઞા કરે અને કાર્ય પૂરું થાય પછી જ પગરખાં પહેરે.

સરકારી નોકરીને લીધે ખુલ્લી રીતે એમણે સ્વાતંત્ર્ય-ચળવળમાં ભાગ લીધો ન હતો. હા, તેમની વાતોમાં ને વર્તનમાં, ખાસ તો શિક્ષણમાં દેશભક્તિ ડોકાયા વગર ન રહેતી.

ભણતર કુલ મૅટ્રિક લગીનું પણ ગુજરાતી ઉપરાંત અંગ્રેજી પરનું પ્રભુત્વ પ્રશંસાપાત્ર લેખાય. પોરબંદરની રામબા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજની સેવા-વિસ્તરણ પ્રવૃત્તિ અંગેની સલાહકાર સમિતિના સભ્યપદે એમણે યાદગાર સેવાઓ આપી હતી. (૧૯૫૬-૭૬)

વર્ગશિક્ષણ જ નહીં, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ પણ રતિભાઈ છાયાને મન ઉત્સવ! પોતે અગિયાર મંત્રીઓ ધરાવતા વિદ્યાર્થીમંડળ સાથે વિવિધ બાબતોમાં ઓતપ્રોત રહેતા. પોરબંદરને સંકલ્પપૂર્વક સમર્પિત આ શિક્ષક પરની બદલીનો હુકમ આવી પડ્યો, તો ધરી દીધું રાજીનામું! શિક્ષણક્ષેત્રે અમલદાર થવાની આકર્ષક દરખાસ્ત એમની સામે આવી ત્યારેય રતિભાઈએ પોતાના હાથેથી ચોક-ડસ્ટર મેલવાનું પસંદ ન કર્યું!

પોતાના અધ્યાપન દ્વારા અનેક વિદ્યાર્થીઓના જીવનમાં અજવાળા પાથરનાર રતિભાઈના તેમની સાથેના સંબધો ઉષ્માભર્યા રહે તેમાં શી નવાઈ? અમેરિકામાં વસતા એક ગુર્જર-ભારતીય ઇજનેરને એમની સફળતાનું રહસ્ય પુછાયું. તેનો જવાબ હતો : ''મારા શિક્ષક-ગુરુ રતિલાલ છાયા. પ્રાર્થના પછીના એમના ઉદ્‌બોધનો ભુલાયાં નથી. એમણે સંભળાવેલી અને શીખવેલી રવીન્દ્રનાથ ટાગોરની કવિતાઓ હજુ કાનમાં ગૂંજે છે!''

સ્વાધ્યાય માટેનો રતિભાઈનો પ્રેમ અદ્‌ભુત! શ્રમ, કળા અને ચિંતન માટેના તેમના સંસ્કાર અનુક્રમે મહાત્મા ગાંધીજી, ગુરુદેવ રવીન્દ્રનાથ અને મહર્ષિ અરવિંદને આભારી. આ ત્રણેય વિભૂતિઓની જીવન-ભાવનાને પામવા અને પચાવવા માટે એમણે પોતાના આયખાનો એકેક દાયકો એમના સાહિત્યના સ્વાધ્યાય અર્થે સમર્પી દીધો હતો.

વિશ્વફલકને આવરી લેતી એમની સ્વાધ્યાય-સાધનામાં સાહિત્ય, સંગીત, કળા, શિલ્પ, સ્થાપત્ય, તત્વજ્ઞાન, ધર્મ અને શિક્ષણનો સમાવેશ થતો. યુગવર્તી ગ્રંથ 'લાઈફ ડિવાઇન'નું નિયમિત બાર વર્ષ સુધી સેવન કરીને એમણે દિવ્ય દિશાનો સંકેત મેળવ્યો હતો. પસંદગીપૂર્વકમાં ત્રણેક હજાર જેટલાં પુસ્તકો ધરાવતું એમનું અંગત પુસ્તકાલય એમના વાંચનશોખની સ્મૃતિ આપે છે.

મહાત્મા ગાંધીજીના અવસાન (૧૯૪૮) પછી તરત પોરબંદરના સુદામા ચોકમાં પચાસેક હજાર શોકાતુર લોકો સભાસ્વરૂપે એકત્ર થયા. કેટલાંક છોકરાં તો ઝાડ પર બેસી ગયેલાં. સભામાં ત્રીસેક વક્તાઓ પોતાની સંવેદનાઓ વ્યક્ત કરનાર હતા. એમાં અઢારમા ક્રમે ઊભા થનાર વક્તા રતિલાલ છાયાએ વિચાર્યું : મહામાનવ વિશે કેટલું બોલાય? સત્તર જેટલા વક્તાઓને સાંભળીને કંઈક થાકેલા શ્રોતાઓને વિરામ આપ્યો હોય તો? પોતે ઘેરથી લાવેલ કવિ ઉમાશંકર જોશીનું પુસ્તક 'વિશ્વશાંતિ' ખોલ્યું ને વાંચ્યું :

'વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી.' - સંપૂર્ણ શાંતિ છવાઈ રહી. લોક-વિષાદ ઓસરવા માંડ્યો. કાવ્ય-પઠન પૂરું થવાની સાથે સુદામામંદિરમાં ઝાલર વાગી!

રવીન્દ્ર-શતાબ્દી વખતે તેમની અમર કૃતિ 'ગીતાંજલિ'માંનાં કાવ્યો પસંદ કરીને રતિભાઈ સામાન્ય લોકો સમક્ષ સામેથી જઈને વાંચતા. તેઓ કહેતા : ''પૂજ્યપાદ શંકરાચાર્ય વગેરે મહાન ધર્મ-સંસ્થાપકો વિદ્વાનો પાસે નહોતા

ગયા; સામાન્ય લોકો પાસે ગયા હતા. આપણે પણ ઉત્કૃષ્ટ સાહિત્ય લઈને લોકો સમક્ષ જવું જોઈએ.''

રવીન્દ્ર પ્રેમવશ રતિભાઇએ પોરબંદરમાં રવીન્દ્ર રંગમંચ નામનું નાટ્યગૃહ સુધરાઇ દ્વારા તૈયાર કરાવવાનો સંકલ્પ કર્યો. સંકલ્પ પાર પાડવા એમણે ઉપવાસ પણ કર્યો. આખા સૌરાષ્ટ્રમાં રવીન્દ્રનાથની પ્રતિમા જાહેરમાં માત્ર પોરબંદરમાં છે તેનો યશ રતિભાઈ છાયાને છે. આ નગરમાં સાહિત્ય પરિષદનું ૨૮મું અધિવેશન યોજવાનો તેમણે સંકલ્પ કર્યો ને તે પાર પાડ્યા પછી જ પગરખાં પહેર્યાં!

'સંસ્કૃતિનો સ્મૃતિશેષ' નામની તેમની અપ્રકટ આત્મકથામાં સને ૧૯૦૮થી ૧૯૯૧ લગીનાં સ્મૃતિચિત્રો કુલ ૧૨૫૪ પાનામાં શબ્દસ્થ થયેલ છે; તેમના પ્રકાશિત કાવ્યસંગ્રહો, હિંડોલ, પુષ્પસંયોજન, સોહિણી, ઝાકળનાં મોતીને કાવ્યરસિકોએ દાદ આપી છે. એમણે પત્રકાર, સંપાદક અને અનુવાદક તરીકે પણ બહુમૂલ્ય સેવાઓ આપી હતી. પોરબંદર નગરની અનેકવિધ સંસ્થાઓ, જેમ કે રોટરી ક્લબ, હોર્ટિકલ્ચરલ સોસાયટી, આર્કિઓલોજિકલ રિસર્ચ સોસાયટી, પ્રદીપ, અરવિંદ સોસાયટી, શ્રીમંગમ્ વગેરે સાથે સતત સક્રિયપણે સંકળાયેલા રહેતા રતિલાલભાઇ ગુજરાત કક્ષાએ સાહિત્ય પરિષદ, સૌરાષ્ટ્ર-કચ્છ ઈતિહાસ સભા, ગુજરાત ઈતિહાસ પરિષદ, વગેરે સંસ્થાઓની પ્રવૃત્તિઓમાં પણ સહભાગી થતા હતા.

ધર્મપત્ની ઈલાબહેનના અવસાન (૧૯૭૯) પછી એમના તન-મનમાં વાર્ધક્યે અસર જમાવવા માંડી હતી. તેઓ કહેતા ખરા કે વાર્ધક્ય એ પાનખર નથી, આવનારી વસંતનું બીજ છે; પરંતુ દીવેલ ખૂટતું જતું હતું. કૅન્સરના વ્યાધિને લીધે ખોરાક ઘટતો જતો હતો; આમ છતાં માનસિક ખોરાકની ભૂખ ભાંગી ન હતી; સને ૧૯૯૫ની મધ્યમાં શિક્ષણ અને સાહિત્યરસિકોએ પોરબંદરમાં તેમનો અમૃત-મહોત્સવ ઊજવ્યો. આ મહાન શિક્ષક-કવિએ તા. ૧૬-૧૦-'૯૫ના પરમ પ્રતિ પ્રયાણ કર્યું તેના આગલા દિવસે 'સર્વપલ્લી રાધાકૃષ્ણનન્નાં વચનો' નામનું પુસ્તક મેળવવા ભારતીય વિદ્યાભવન, મુંબઈને એકસો પિસ્તાળીસ રૂપિયાનો ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલાવ્યો હતો!

એમના અવસાન પછી, પોરબંદરે શહેરના એક માર્ગને રતિલાલ છાયાનું નામ આપવાનું ઠરાવ્યું; વાસ્તવમાં એમના માર્ગે તો શબ્દો, શિક્ષણ અને સંસ્કૃતિ માટે સમર્પણભાવ વિના કેમ ચાલી શકાય?

હા, ચાલવા માટેનું થોડુંક પાથેય એમની મુલાકાત દ્વારા મળ્યું તે સરખે ભાગે વર્તનમાં ઉતારતા જઈએ. મેં સફળ કાવ્યશિક્ષણ સંદર્ભે જિજ્ઞાસા દાખવી ત્યારે એમણે ટટ્ટાર બેસીને કહ્યું : ''મારા અનુભવે, કવિતા જો ગાવી હોય તો અચૂક એનું ભાવવાહી ગાન થવું જોઈએ. છંદોબદ્ધ હોય તો ભાવવાહી અર્થદ્યોતક પઠન થવું જોઈએ; કવિતા એ સમજવાની નહીં, અનુભવવાની સામગ્રી છે.''

''વડીલ, શાળામાં જણાતા શિસ્તના અભાવ અંગે આપનું શું અવલોકન છે?''

''તમે જોયું, ઈશ્વરભાઈ? કળાના વિદ્યાર્થીઓ આંદોલનથી વેગળા રહેતા હોય છે. જો બાળકોને કળાનું શિક્ષણ નહીં આપો તો આજે તેઓ કાચ ભાંગે છે, કાલે આપણાં માથાં ભાંગશે. પૂર્વપ્રાથમિક કક્ષાએથી જ બાળકોને કળાનું વાતાવરણ અપાવું જોઈએ.''

''શાળામાં ધાર્મિક શિક્ષણ અંગે?''

''બિનસાંપ્રદાયિક દેશને ધાર્મિક શૂન્યતા પરવડી શકે નહીં. આવા દેશમાં ધર્મનું શિક્ષણ કળાના માધ્યમ દ્વારા આપી શકાય.''

''આપ તો આજીવન શિક્ષક રહ્યા!''

''પ્રભુની કૃપા હોય તો જ અને તે જ વ્યક્તિ શિક્ષક થવા પામે. આવતા જન્મે જો અવસર મળે તો મને છે ત્રણ અરમાન : ભારતીય સંસ્કૃતિથી સજ્જ એક ઘર બનાવવું : વિશ્વસંસ્કૃતિનાં બધાં પાસાંનો પરિચય આપતું સંસ્કૃતિ મંદિર રચવું અને સમાજને આપવી એક ઉત્તમ શાળા!''

કવિ-શિક્ષક રતિલાલ છાયાના કવિત્વ અને શિક્ષકત્વની ઉત્તમ સંયોજનાથી સુશોભિત તેમના જ આ ઉદ્‌ગારગીતને વાંચી-અનુભવીને એ મહાન શિક્ષકને શ્રદ્ધાંજલિ આપીએ :

શિક્ષક મેઘને

વરસો અમૃત-ધારા

મનમેહુલિયે તરપો જીવન-ક્યારા,

(૧) તમે ધરાનાં વરદ ધનદ છો
તમે ગગનના જ્યોતિ :
તમે ધરાનાં ગહન જલધિ છો,
તમે આશાનાં મોતી
- વરસો અમૃત-ધારા
મનમેહુલિયે તરપો જીવન-ક્યારા.

(૨) તમે વરસ્યે જગ ભીંજે પલપલ,
અભિનવ સૃષ્ટિ મ્હોરે;
તમે વરસ્યે નવ ભાગ્ય ધરાનાં
સદ્ય જ્ઞાનથી કોળે.
- વરસો અમૃત-ધારા
મનમેહુલિયે તરપો જીવન-ક્યારા.

(૩) માનવ-બાગ ઝૂલે અજરામર,
સ્વર્ણ-પુષ્પ ત્યાં ડોલો;
તમ ઉરની કરુણા-ધારાએ,
નવાં નવાણો ખોલો.
- વરસો અમૃત-ધારા
મનમેહુલિયે તરપો જીવન-ક્યારા.

(૪) સુજલા, સફલા નવધરતી કરી,
જાહ્નવી ઉર-ઝકોરો;
જુઓ ઊઘડે દૂર ક્ષિતિજે,
નૂતન તેજ-ખગોળો.
- વરસો અમૃત-ધારા
મનમેહુલિયે તરપો જીવન-ક્યારા.

# સંવાદ એ સૌથી શ્રેષ્ઠ સધિયારો છે.

- મિત્તલ પટેલ

શબ્દોના તાંતણે,
'હૂંફ'નું તરભાણું ભરી લઈએ જરાં!!
શ્રોતા બની,
મન ભરી ક્યારેક સાંભળી લઈએ જરાં!!
ખૂલીને જીવવું, ખોલીને હસવું,
શક્ય બનશે જરૂર.
શબ્દો થકી
સુગંધ બની પ્રસરી લઈએ જરાં!!

કોમ્યુનિકેશન ગેપનો પ્રશ્ન આજના સમયમાં જે આપણે ચર્ચી રહ્યા છીએ, તે મોટેરાઓ વચ્ચે હોય, મા-બાપ કે બાળકો વચ્ચે, મિત્ર-મિત્ર વચ્ચે હોય કે અન્ય કોઈ સંબંધમાં, તે હૂંફને, લાગણી તત્વને, ઓલવી નાખવામાં, ઓછી કરવામાં સંવાદ ચોક્કસ ઘણો મોટો ભાગ ભજવે છે. શબ્દો જ જીવાડે, શબ્દો જ મારે અને શબ્દ થકી જ વ્યક્તિની જિજીવિષા જીવંત રહી શકે છે. પોતિકા વ્યક્તિનાં શાબ્દિક સથવારાથી જીવન જીવવાલાયક લાગે છે.

''વાતચીત કરવી'' અને ''સંવાદ કરવા''માં ફરક છે.

સંવાદમાંથી લાગણીતત્વ, પ્રેમતત્વ, પોતિકાપણુ કાઢી નાખો ત્યારે માત્ર વાતચીત જ સંભવી શકે. આજે મોટાભાગે સંવાદ ઓછો અને વાતચીત જ વધુ થતી રહે છે. આપણે ભાવભીના શબ્દોની હૂંફને વહેંચવાનું ભૂલતા જઈએ છે. તેને સાચવી રાખવાની, જીવંત રાખવાની જરૂર છે. દરેક માણસ માટે લાગણી અને પ્રેમ એ કપડાં, મકાન અને ભોજનની જેમ જ બેઝિક જરૂરિયાત છે.

શબ્દોની હૂંફ માણસને ભીતરથી ખીલવા માટે ઉદ્દીપકની ગરજ સારે છે. લોહીના સંબંધ કરતાં સંવાદના સંબંધો વધુ અગત્યના જીવનમાં પુરવાર થાય છે કેમ કે પોતિકાઓ આગળ પણ તમે ખૂલીને વ્યક્ત ન થઈ શકતા હોય, પોતાની પીડા, તકલીફ, નાની-નાની ખુશીઓ, ખૂલીને વહેંચી ન શકતા હોય, એટલી સાંભળવાની ફુરસદ કે નિસ્બત કે રસ ના હોય તો તે પોતાના હોવાનો કોઈ મતલબ રહે ખરો!! આપણને સલાહો આપ્યા વગર, જજ કર્યા વગર, આપણા વિશે ધારણાઓ બાંધ્યા વગર, માત્ર શાંતિથી સાંભળી શકે, તેવા વ્યક્તિઓ આપણાં જીવનમાં કેટલાં!! આપણને જોઈને કહી દે કે કંઈક પીડા નજરમાં, ચહેરા પર ડોકાઈ રહી છે, આપણા શબ્દો પાછળના ખોખલાપણાને તરત પકડી પાડે, આપણાં સ્મિત પાછળના નકલીપણાને તરત પકડી પાડે, આપણી વાતોમાં ન કહેવાયેલા શબ્દો પાછળનો ભાવ, મર્મ તરત જ જાણી લઈ શકે, આપણા ગળામાં અટકેલ ડુમાઓનો હિસાબ જે બરાબર જાણતું હોય એવા સંવાદના સાથીઓ તમારાં જીવનમાં કેટલાં!! આપણને ખૂલીને રડવાની જરૂર છે, ત્યારે 'તું રડી લે મન ભરીને' એવું સામેથી કહી, બસ માથે હાથ મૂકી રાખી શકે એટલો પોતીકો સંવાદ આચરનારા આપણાં

(અનુસંધાન પૃષ્ઠ ૨૦ ઉપર)

# મહાત્મા ગાંધી એક સાહિત્યકાર

- શ્યામજીભાઈ એમ. દેસાઈ

'હું ચરણ માંડું અને રસ્તો બને,
એક ટીપું શકય છે, દરિયો બને.
ચોતરફ ઘનઘોર છો અંધકાર છે,
વીજળી ઝબકે અને નકશો બને.'

- બ્રહ્મભટ્ટ

નથી લાગતું કે ગાંધીની લેખનીને પણ જાણે આ તાત્વિક વિચાર અસર કરી ગયો હોય? એમની કસાયેલ કલમમાંથી પ્રત્યેક શબ્દપ્રસવ સર્જકના યુગની એંધાણી અપાવે છે. જી હા ! પણ અહીં એક બીજું તથ્ય એ ધ્યાન ઉપર આવે છે કે, એ મહામાનવની સંપૂર્ણ જીવન યાત્રા જ એવી રહી છે કે જેમાં એમનું આખેઆખું સાહિત્યકાર અંગ સત્ય તથા અહિંસા જેવા પડછાયાથી સાવ ઢંકાઈ ગયું ભાસે છે.

ગાંધી સમાજ સુધારક, નૈતિક-નૈષ્ઠિક મૂલ્યોના રક્ષક, આઝાદીની ચળવળના સંનિષ્ઠ સૂત્રધાર, અહિંસક આંદોલનના અગ્રેસર, સત્ય સંબંધિત વૈચારિક આચરણના પ્રખર હિમાયતી વગેરે વગેરેમાં એમનું બહુ આયામી વ્યક્તિત્વ (રહ્યું) અનુભવાય છે.

'શ્રેષ્ઠતા જન્મથી નહિ પરંતુ પોતાના કર્મ ફળો અને ગુણોથી પ્રાપ્ત થાય છે.'

સાહિત્ય જગતમાં નજર નાખશો તો ખ્યાલ આવશે કે અન્ય સાહિત્યકારોની જેમ ગાંધીનું યોગદાન પણ કર્માધિનયુગીન ગણાયું છે. એ સમય 'ગાંધી યુગ' તરીકે પંકાયો છે. કારણ? એમનું વૈચારિક ચિંતન તથા આચારનું અસાધારણ બળ અતલ ઊંડું - ખૂબ ગહન રહ્યું છે. એ સત્વતત્વે તત્કાલીન વૈશ્વિક જનસમાજ ઉપર જબરજસ્ત પ્રભુત્વ પાથર્યું હતું. સાથે સાથે આર્થિક, સમાજિક, નૈતિક, આધ્યાત્મિક વગેરે વગેરે જીવન સંબંધિત નૈતિક બાબતોમાં અકલ્પનીય પરિવર્તન કરી ગયું છે. એ પરિવર્તનની અસર એ કાળના સાહિત્ય ઉપર પડી જ હોય. પરિણામ સ્વરૂપ સાદી છતાં ઘણી બધી ચોટદાર કૃતિઓનું નિર્માણ આપણને એ યોગ્યત્તમ યુગના સાહિત્યની ઝાંખી કરાવે છે.

આમેય 'ભાષામાં અભિવ્યક્તિની કલા તે જ સાહિત્ય' એવું આપણે માનીએ-સ્વીકારીએ છીએ. ગાંધીએ પોતાના અનુભવો, લાગણીઓ અને વૈચારિક વૈભવને જગત સમક્ષ વાચક-ભાવકના ચિત્તમાં સદ્ભાવ અંકુરિત કરવાનું ઉત્કૃષ્ટ સાહિત્યિક કામ કર્યું છે.

ગાંધી, શબ્દ કરતાં કર્મ-આચરણના માણસ રહ્યા છે. એ કંઈ પણ વિચારે, વાંચે, એને અમલમાં મૂકી, નવનીત તારવીને પછી જ સમાજને ચરણે ધરે. આપ સૌ સુજ્ઞ ભાવકો સારી રીતે માહિતગાર છો કે ઇન્ડિયન ઓપીનિયન, નવજીવન વગેરે જેવાં સામયિકોમાં સક્ષમ લેખો કે પુસ્તકો લખવાનો મુખ્ય ઉદ્દેશ ફક્ત સાહિત્ય સર્જન માટે નહીં, પણ જનજાગૃતિ ઉત્પાદિત કરવાનો હતો.

સફળ સાહિત્યિક સર્જક તરીકે એમના યોગદાનનું આકલન કંઇક આમ છે.

**ગાંધીની કૃતિઓ :** સત્યના પ્રયોગો, હિંદ સ્વરાજ, દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ, આરોગ્યની ચાવી, મંગળ પ્રભાત, રચનાત્મક કાર્યક્રમ, સ્ત્રી જીવનની સમસ્યાઓ અને અનાશક્તિ યોગ વગેરે એમનાં પુસ્તકો છે.

પત્રો, ભાષણો, વિવિધ લેખોનો સંચય વગેરે એમની સાહિત્યિક ક્ષમતાનાં પ્રતીક છે. ધ્યાનાકર્ષક બાબત તો એ છે કે વિવિધ સામયિકોમાં લખેલ લેખોમાં એમનું વિપુલ માત્રામાં તથા મૂલ્યનિષ્ઠ સાહિત્ય સંગ્રહિત થયું છે.

ગાંધી પોતે મીતભાષી જ નહીં, પણ મીતાક્ષારી હતા. એમની લેખન શૈલી સરળ, સુગમ્ય, સુપાચ્ય હતી. ફળસ્વરૂપ અલ્પ સાક્ષરથી માંડી પ્રખર પંડિત સાક્ષર વાચકો ઉપર એનો પ્રભાવ હતો. સૌને સ્પર્શે એવું મૂલ્યવાન સાહિત્ય એમણે પીરસાયું છે.

**સિદ્ધહસ્ત સાહિત્યકારની કૃતિઓનું સાહિત્યિક દૃષ્ટિએ ઉડતું અવલોકન :** અહીં આપણે એમની પ્રત્યેક કૃતિને ન અવલોકતાં કેટલીક જાણવા-સમજવા જેવી કૃતિઓના માત્ર મહત્વના અંશોનો જ સુંવાળો સ્પર્શ કરીશું.

‘સત્ય, સુગંધ અને સાદગી, ધીરે ધીરે પણ અચૂક દૂર દૂર સુધી ફેલાય છે.’

**સત્યના પ્રયોગો :** આ કૃતિ સાહિત્ય જગતમાં દુનિયાની શ્રેષ્ઠ આત્મકથાઓમાં સહેલાઈથી સ્થાન ગ્રહણ કરી શકી છે. કારણ... એ આત્મકથા આલમના સર્જનનો સૌથી વિશેષ આવકારદાયક આદર્શ છે. એ માત્ર ગુજરાતી ભાષાનું ગૌરવ નહીં, પણ વિશ્વની ઉત્તમ આત્મકથા આલેખનમાં અગ્રેસર ગણાય છે.

૧. એમાં સર્જકના સ્વજીવનની કથા છે. એટલે જ એ સમસ્ત જનકેન્દ્રી સાહિત્યમાં પરિણમ્યું. એમાં એમના જન્મથી લઈને ૧૯૨૦ સુધીના જીવન વૃત્તાંત તથા કરેલ તમામ વિવિધ કાર્યાનુભવોના પ્રયોગોની ગાથા દૃષ્ટિગોચર થાય છે.

૨. સર્જકે સઘળું જીવન સત્ય (તરફ) માટેના પ્રયોગો કરવામાં જ ગાળ્યું. સફળતા મળતાં એ પ્રયોગોનું સત્વ સર્વમાન્ય, સર્વકાલીન, સર્વદેશીય હકીકત બનતી વાચકને અનુભવાય છે. એમાં એમણે જીવનની તદ્દન વાસ્તવિકતા માટે જ યથાયોગ્ય શબ્દોનું ચયન કર્યું છે.

૩. આ કૃતિનું જેટલી વાર અધ્યયન કરીએ એ દરેક સમયે એમના જીવનના દરેક તબક્કે વાચકને અલગ અલગ સત્વ તત્વ પ્રગટતું સ્વાભાવિકપણે અનુભવાય છે.

એમાં એમનું જીવન અને કરેલ કાર્યો એકદમ પારદર્શક બતાવ્યાં છે. એટલે જ કૃતિની ભાષા, સરળ, સહજ, નિર્મળ અને વાચકને પોતીકી લાગે છે.

એમાં જન્મ, બચપણ જેવાં પ્રારંભિક પ્રકરણ દરેક આત્મકથાની જેમ સામાન્ય છે. પણ પછીનાઓમાં ઘટનાઓ, એનો ચિતાર અને એ બનાવોને સમજવાની આંતર દૃષ્ટિ, એમાં એમની ભૂમિકા અને નિષ્કર્ષ વગેરેમાં જગતના કોઈ પણ આમ-ખાસ આદમીની કથા શૈલી કરતાં તદ્દન અલગ જ છે. આ કોઈ નાનીસૂની વાત નથી.

આખી કૃતિને સર્જક દ્વારા સહજ ભાવે કોઈપણ આડંબર વગર શબ્દદેહ અપાયો છે. સર્જક દરેક હકીકતને સત્યની શોધમાં સ્વયંને શોધક તરીકે કંડારે છે. એમાં ત્રુટિઓનો ક્યાંય લેશમાત્ર ઢાંકપિછોડો ન કરવા કરતાં, એને

નિખાલસતાપૂર્વક ઉજાગર કરે છે. દા.ત. પિતાની સેવા, માતૃભક્તિની જેમ જ કડાની ચોરી, માંસાહાર, વિદેશમાં પરસ્રી તરફનું આકર્ષણ તથા એ પછીનો આંતરિક દ્વન્દ્વ તથા મુંબઈમાં વકીલાતમાં નિષ્ફળતા વગેરે વગેરે. ઘણાં બધાં ઉદાહરણ આપવા લાલાયિત છું, છતાં આપ સૌના જિજ્ઞાસુ અધ્યયન ઉપર અધ્યાહાર ઉચિત માનું છું.

**બીજી વિશેષ ખૂબીઓ :** સઘળું ખુલ્લી કિતાબ જેવું ઉઘાડું સત્ય. ઉછેર, અભ્યાસ, ઘડતર વગેરે વગેરે. પણ સ્વાતંત્ર્ય સંગ્રામ - મુખ્યત્વે ત્રણ સંગ્રામ સુધી તેઓ મોહનમાંથી મહાત્મા સુધી આસનસ્થ થયા છે. પણ સૌથી વિશેષ બાબત એ રહી છે કે એ દરમિયાન એમના સંસર્ગને લીધે ભારતીય પ્રજાનું યોગ્ય ઘડતર અને સમયાંતરે અદ્દ્ભૂત પરિવર્તન થયું. એમણે જીવનની અંગત તથા જાહેર જીવનની ઘટનાઓ તદ્દન પ્રમાણિકપણે લખી. કોણ આટલી તટસ્થતા દાખવી શકે?

**હિંદ સ્વરાજ :** 'તમારી ઓળખ કંઈક એવી બનાવો કે લોકો તમને છોડી તો શકે, પણ ભૂલી તો ન જ શકે.'

૧૯૦૯માં સ્વદેશ પરત સમયે કિલડોનિયન જહાજ સફરથી એમણે આ પુસ્તકનાં મૂળિયાં નાખી કલમનો કસબ દેખાડ્યો. હકીકતમાં એ ઈન્ડિયન ઓપીનિયનમાં મૂળ ગુજરાતીમાં લેખરૂપે પ્રસ્તુત શ્રૃંખલા છે. એ પછી એ સમગ્ર લેખ શ્રૃંખલા પુસ્તકકાર પામ્યું. બ્રિટિશ સરકારે અને પ્રતિબંધિત કર્યું તો એમણે જ (ગુજરાતીમાં પ્રતિબંધને કારણે) એનો જેલમાં રહ્યે રહ્યે અંગ્રેજી અનુવાદ કર્યો. પરિણામ સ્વરૂપ એ સમગ્ર વિશ્વ ફલક સુધી વિસ્તૃત થયું. એ સર્જન આજે પણ એટલું જ વાસ્તવિક પ્રસ્તુત છે. હિંદ સ્વરાજ સમગ્ર વિશ્વને સમુચિત વિકાસ અને માનવમાત્રના જીવનને યોગ્ય માર્ગે લઈ જવા માટેની પ્રામાણિક પથદર્શિકા ગણી શકાય. ૧૯૦૯માં આલેખિત એ કૃતિને ૧૯૨૧માં એમણે જ જીવનના સંપૂર્ણ સિદ્ધાંત તરીકે (પ્રમાણેલ) ઓળખાવેલ. આ સંબંધે ૧૯૩૮માં એક વિચાર એ વહેતો મૂક્યો કે એ વખતે પ્રચલિત અને બહુમાન્ય ગણાતા તમામ રાજકીય, આર્થિક સિદ્ધાંતોને પડકાર ફેંકાયેલ. આજે એકવીસમી સદીના ચતુર્થાંશે પણ એ વિચારોને ભાગ્યે જ કોઈ પડકારી શકે!! નૈતિકતા, આધુનિકતા, શોષણમુક્ત સમાજ રચના વગેરે વગેરે સૂત્રોચ્ચાર સાથે આજે આપણે જોઈએ છીએ કે અનેક દેશોમાં ચળવળો ચાલી રહી છે. એ તમામ માટે યથાર્થ સાથે આદર્શ પણ એમાં એટલો જ સમાવિષ્ટ દેખાય છે.

'પસંદ એને જ કરો, જે પરિવર્તન લાવી શકે,
બાકી પ્રભાવિત તો મદારી પણ કરી શકે છે.'

સારાંશ એ છે કે આ પુસ્તક આધારિત ગાંધી ચિંધ્યો માર્ગ જ જાણેઅજાણ્યે એનો અસરકારક ઈલાજ સૂચવે છે. જગતે એ માર્ગે ગયા વગર છૂટકો નથી. પુસ્તક ખુદ નિર્દેશ કરે છે કે જે સાહિત્ય સમય-કાળ અને સ્થળો અતિક્રમીને દીઘાર્યુ બને એ લેખકના અનુભવજન્ય જીવનનો પરિપાક નહીં તો બીજું શું કહી શકાય? સાહિત્યિક દૃષ્ટિએ જોઈએ તો એમાં નાની અને સરળ વાક્ય રચના તથા વિચારોની સુસ્પષ્ટ-સુરુચિયુક્ત સરળ, નિખાલસ, નિરાળી શૈલીમાં પ્રશ્નકર્તા અને અભિપ્રાયક વચ્ચેનો રસપ્રદ વાર્તાલાપ-સંવાદ શ્રેણીમાં સ્વરાજ જેવી

વિભાવનાને પ્રસ્તુત કરવાનો અદ્‌ભુત પ્રયોગ સર્જકે એમાં કર્યો છે. માત્ર શોખ ખાતર સર્જન નહીં, પણ કર્મના માણસ તરીકે પોતાની ફરજના ભાગરૂપે લખ્યું છે. ધ્યાન ખેંચતી ખૂબી એ છે કે પ્રસ્થાપિત વિચારો અને માન્યતાઓ ઉપર ઘા કરતા ઉત્તરોની આવી, નિર્ભયતાના પાઠ શીખવતી શૈલીનો અનુભવ બીજા કયા પુસ્તકમાં જોવા-જાણવા મળે? સાધન શુદ્ધિના ખ્યાલો, અધિકાર અને ફરજો, સામાન્ય વ્યક્તિ સાથેના સંબંધો, પારસ્પારિક વિચાર વિમર્શ વગેરે વગેરે વિષેની રજૂઆતને પડકારજનક ભાષામાં અદ્‌ભૂત આલેખન કર્યું છે. આ કૃતિમાં ગાંધીનું બળકટ શૈલીમાં ક્રાંતિકારી તત્વજ્ઞાનનું પ્રાગટ્ય થયેલ જોઈ શકાય છે. એમનું અર્થશાસ્ત્ર એ માનવ જીવનનું અર્થશાસ્ત્ર કહી શકાય. એ સિવાય એમાં ઈતિહાસનું સમાજમાં સ્થાન, નાગરિક ધર્મ, રાષ્ટ્રભક્તિ, શિક્ષણ અને ટેક્નોલૉજી વિશે ગહન અભિવ્યક્તિ પ્રસ્તુત કરી છે. એ સઘળી કડીઓ આજે વૈશ્વિક સ્તરે (પાયા) મહત્વનું સ્થાન ધરાવે છે. એટલે એ કાલાતીત ગણાય છે. અંતિમ પ્રશ્ન આજે પણ ચિંતન કરવા યોગ્ય લાગે છે. 'હિંદને વિદેશી સલ્તનતથી અને પ્રજાને પોતાની રાજકીય તેમજ સામાજિક ત્રુટિઓથી છૂટકારો કેવી રીતે મળશે?' એ વિચારો આજે આઝાદીના અમૃત મહોત્સવ પછી પણ સાચા લાગે છે. આવા દૂરંદેશી વિચારોને આગવી ઢબમાં ઢાળીને શબ્દસ્થ કરવાની નૈતિક, સાહસી અને ગૌરવભેર કહેવાની સાહિત્યિક કલા કેટલાને સાધ્ય હશે?

**મંગલ પ્રભાત :** 'પ્રાર્થના શબ્દોથી નહીં, હૃદયથી થવી જોઈએ.'

યરવડા જેલમાં રહીને આશ્રમવાસીઓના જીવનમાં ચેતન આણવાની આવશ્યકતા છે એમ વિચારીને દર મંગળવારે પ્રાર્થના બાદ પ્રવચન લખી મોકલવું શરૂ કર્યું. જુલાઈથી ઓક્ટોબર ૧૯૩૦ સુધી એક વત્સલ પિતા તેનાં સંતાનોને ઉદ્‌બોધન કરે એ શૈલીમાં આલેખન કર્યું. એ વ્યાખ્યાનોનો સંગ્રહ એ જ મંગલ પ્રભાત. જેલવાસ દરમિયાન સમયનો સદ્‌ઉપયોગ અને આધ્યાત્મિક વિચારોનો સાક્ષાત્કાર એ એનો મુખ્ય ઉદ્દેશ રહ્યો હતો. આ એ વ્યાખ્યાનોનો સંચય છે.

**આરોગ્યની ચાવી :** આઝાદીની ચળવળ (૧૯૪૨-૪૪) જેલવાસ દરમિયાન સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિના હેતુએ આ સર્જન થયું. આ એક પ્રકારની યોગ સાધનાનો નીચોડ હતો. માનવ શરીર ભોગ વિલાસ અને એશોઆરામની ચીજ નહીં, પણ સ્વસ્થ શરીર માનવજાતની સફળતાનું ઈશ્વરે બક્ષેલ સર્વોત્કૃષ્ટ સાધન છે. મૂળ ગુજરાતી પછી હિન્દી-અંગ્રેજીમાં અનુવાદિત આ પુસ્તક મરણોત્તર ૧૯૪૮માં પ્રકાશિત થયું.

**સત્યવીરની આત્મકથા :** ઇન્ડિયન ઓપીનિયનમાં ગ્રીક તત્ત્વચિંતક સોક્રેટીસની જીવનકથા 'એક સત્યવીરની આત્મકથા' શીર્ષકે સંક્ષિપ્ત સ્વરૂપ છે. ગાંધી સોક્રેટિસથી પ્રભાવિત હતા. તેમના શબ્દો અને વિચારોની ઊંડી અસર હતી. નીતિથી સમાજધર્મ બજાવવાની ઇચ્છાએ ગાંધીએ આચરણમાં મૂકી તથા અનુસર્યા. એ જીવનશૈલી, સમર્પણભાવ એમના મૃત્યુ વખતે દૃષ્ટિગત થાય છે. આ કૃતિ એમના પ્રારંભિક સાહિત્ય સર્જનનાં દર્શન કરાવે છે. વિભૂતિવંદના વિષયક એ સાદી સરળ શૈલીની

કૃતિ ગુજરાતી સાહિત્યમાં સ્થાન પામી.

**દિલ્હી ડાયરી :** લોકકલ્યાણ અર્થે પ્રકાશિત થયેલ પ્રાર્થના પ્રવચનનું ગુજરાતી ભાષામાં અનુવાદ ગ્રંથસ્થ થયેલ આ પુસ્તક છે. આઝાદી મળ્યા પછી જીવનનો અંતિમકાળ દેશની કરુણ અને હિંસાત્મક પરિસ્થિતિમાં વીત્યો. તે વખતે પ્રજાજનો શાંતિ અને સંયમ જાળવી રાખે તે માટેનાં વ્યાખ્યાનો આપ્યાં. એ ગ્રંથ દિલ્હી ડાયરી નામે સંપાદિત થયેલ છે. આ ગ્રંથ મૂળ ગુજરાતીમાં ન હોવા છતાં પણ છાયાવાદ ગાંધી અને તત્કાલીન પરિસ્થિતિ અને ગાંધી સાહિત્યના પરિચયથી આપણને વાકેફ કરાવે છે.

**સ્ત્રી અને સ્ત્રી જીવનની સમસ્યાઓ :** સ્ત્રી જીવનના સંવેદનશીલ અને અંગત કહી શકાય એવા કેટલાક મુદ્દાઓની ચર્ચા, પત્રો, સંવાદ, ડાયરીનોંધ અને સ્ત્રી જીવનની સમસ્યાઓ સહ ગાંધીની લાગણીઓને સમાવતું મૂળ અંદાજિત ત્રણ ડઝન જેટલા લેખ સ્વરૂપ સાહિત્ય પુસ્તકારે સંપાદિત થયું છે. આ પુસ્તક ભાષા પ્રયોજન શૈલી, વિષયની જાણકારી અને સંયમિત ક્ષમતાએ રજૂ કરવાની સર્જકની સાહિત્યિક કાબેલિયતનું દૃષ્ટાંત છે.

**દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ :**

'વિપરીત પરિસ્થિતિમાં ખડગની જેમ અડગ રહો,
પરિસ્થિતિ પલટાતાં ઝાઝી વાર નહીં લાગે.'

સાહિત્ય સર્જનમાં આત્મકથા પહેલાં નવજીવનમાં પ્રકરણવાર પ્રગટતું આ અનેરું સાહિત્ય ગણી શકાય. સત્યના પ્રયોગોની હરોળમાં સ્થાન શોભાવતું આ સર્જન છે. આ પુસ્તકમાં એમણે દક્ષિણ આફ્રિકામાં કરેલ સત્યાગ્રહ અને ફળશ્રુતિને આલેખી છે. જ્યાંથી વિશ્વને મોહનમાંથી મહાત્મા મળ્યા.

એમની ફતેહી કારકિર્દીનો પાયો દક્ષિણ આફ્રિકામાં નંખાયો. આ પુસ્તકમાં હિંદની પ્રજાની સામાજિક સ્થિતિનો ચિતાર દર્શાવ્યો છે. એમણે દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ થકી ઇતિહાસનું કેવી રીતે ઘડતર કર્યું એનું તટસ્થ નિરુપણ છે. ત્યાંના અનુભવો, પ્રસંગો અને સંઘર્ષો સામેની લડાઈના આલેખનમાં માત્ર નોંધ નહીં પણ પાત્રો, ઘટનાઓ, ટીકા-ટિપ્પણીઓની દૃષ્ટિએ રસિક અને રોચક સામગ્રીથી અદ્‌ભૂત વર્ણન પ્રસ્તુત કર્યું છે.

આત્મકથાની માફક મૂળ ગુજરાતીમાં લખાયેલ આ પુસ્તક ઇતિહાસ અને સાહિત્યની દૃષ્ટિએ મહત્વની કૃતિ ગણાય છે. આફ્રિકામાં ભારતીયો સાથે થતા દુરાચારને નાબુદ કરવાના હેતુથી કરેલ પુરુષાર્થનું એમાં સવિસ્તૃત નિરુપણ છે. જે દ્વારા ગાંધી સત્યાગ્રહનો સિદ્ધાંત સમજાવીને, એને લોકોમાં વહેતો કર્યો છે. એટલે જ આફ્રિકાએ કહ્યું, 'તમે અમને મોહનદાસ આપ્યા અને અમે તમોને મહાત્મા પરત કર્યા.' આ પુસ્તકમાં રેખાચિત્રો, સ્થળવાર પ્રસંગોનું તાદૃશ્ય વર્ણન વાચકને પ્રત્યક્ષતા બક્ષે છે. ધ્યાન ખેંચે તેવી બાબત તો એ છે કે ભારતીય સ્વાતંત્ર્ય આંદોલનનાં બીજા અહીંથી રોપાયાં છે. લેખકની વૈચારિક અભિવ્યક્તિ અને ભાષા પરની પકડ ઘણું બધું સૂચવી જાય છે.

**પત્રકારત્વ અને સંપાદનો**

'ચાલ પ્રગટાવ દીવો, સજાવ દુનિયા તારી ભીતર,
કેમ ઝળહળવું એ, આપની ઉપર આધારિત છે.'

સાહિત્યકાર તરીકે મો.ક.ગાંધીનું વ્યક્તિત્વ બહુમુખી પ્રતિભાવંત રહ્યું છે. એમણે

આત્મકથા, નિબંધ, અનુવાદ, તત્વચિંતન સાથે પત્રકારત્વમાં જબરુ કાઠું કાઢી મૂલ્યવર્ધિત ફાળો આપ્યો છે. એમના પત્રકારત્વના ખેડાણે જૂની માન્યતાઓને સ્થાને આંદોલિત ધોરણે વેગ આપ્યો છે. સામાન્ય જનજીવન સાથે સંકળાયેલા પ્રત્યેક વિષયોમાં ગહન આત્મચિંતન સાથે યોગદાન આપ્યું છે. સામાજિક, આર્થિક, રાજકીય, ધાર્મિક, વ્યવહારિક વગેરે વગેરે બાબતોના મુદ્દાઓને ઉજાગર કરી પત્રકારત્વનાં દર્શન કરાવ્યં છે. અધિકારીકપણે પ્રારંભ ૧૯0૩ થી ૧૯૧૫ દરમિયાન ઈન્ડિયન ઓપીનિયમથી શરૂઆત કરી હિન્દુસ્તાનીઓના (રક્ષક) માર્ગદર્શક બન્યા. આ સાપ્તાહિક ગુજરાતી-અંગ્રેજીમાં પ્રકાશિત થતું. ૧૯૧૯થી ૧૯૩૨ યંગ ઈન્ડિયા ભારતમાં, જે નવજીવન નામથી ગુજરાતી-હિન્દી ભાષામાં પ્રકાશિત થતું. ૧૯૩૩ થી ૧૯૪૨, '૪૬ થી '૪૮થી હરિજન નામે પ્રકાશિત થતું. એ બધાં સામયિકો રાજકીય, સામાજિક જાગૃતિ અને ચળવળો લોકો સુધી પહોંચાડવાનું માધ્યમ હતાં. જે થકી જનજાગૃતિની કેળવણીનું કામ કરતા. ભરચક વ્યસ્તતા વચ્ચે સતત સાતત્ય એ એમની ખાસિયત હતી. હરિજન, હરિજન સેવક અને હરિજનબંધુમાં પત્રોનું સંપાદન કર્યું હતું. એમના પત્રકારત્વ લેખનની વિશેષતાઓ એ રહી છે કે ઔપચારિકતા પછી સીધા વિષય ઉપર આવતા. મુખ્ય મુદ્દો રજૂ કરી, પાછા વિનમ્રતાથી પૂર્ણાહુતિ લાવતા. એમણે લગભગ ૪૦ ઉપરાંતના વિષયો ઉપર અલગ અલગ લેખ મારફત પોતાની કલમનું કૌવત દેખાડ્યું છે. આમ છતાં સૌથી મહત્વની બાબત એ છે કે એમણે કેળવણીનો કોયડો, ખરી કેળવણી, ગીતાબોધ, ધર્મ મંથન, સત્ય, અહિંસા, નીતિ ધર્મ સર્વોદયદર્શન જેવા મૂલ્યવર્ધિત વિષયોમાં અસાધારણ ખેડાણ કર્યું છે. જે આજે પણ એટલું જ મહત્વ દર્શાવતા શાશ્વત રહ્યા છે. કોને છોડું? શું ન આલેખવું?ના વમળો વીંટળાઈ વળ્યાં છે. છતાં પાબંધીએ આટલું પર્યાપ્ત સમજજો.

**સાહિત્યકાર ગાંધીની સાહિત્યિક લાક્ષણિકતાઓ**

'જીવનમાં બધું જ શક્ય છે બસ,
શરૂઆત આત્મવિશ્વાસથી કરો.'

- સાહિત્યિક શિરોમણી ગણી શકાય એવી હસ્તી હોવા છતાં પ્રતિભા લોલુપ બનવાથી અલિપ્ત રહ્યા. જે સરળ, સહજ આલેખનની ક્ષમતા દર્શાવે છે.

- આડંબર રહિત લક્ષ્ય સિદ્ધિ તરફ એકાગ્રસ્ત.
- નિબંધાત્મક શૈલી જન હેતુ અર્થે જ સર્જન.
- સરળ, લોકભાષામાં, રૂઢિપ્રયોગો, કહેવાતો અને યોગ્ય શબ્દ પ્રયોજનને કારણે બધું પોતીકું લાગે છે.
- શબ્દ લાઘવ, વિષય વૈવિધ્ય, સરળ આકલન સાથે શબ્દ સાથેનું સાહજિક સગપણયુક્ત ગદ્યશૈલીનું પ્રયોજન વાચકને જકડી રાખે છે.
- ગહન વિષયની સરળ, સુપાચ્ય, હળવી શૈલીમાં રજૂઆત.

ટૂંકમાં એક સફળ સાહિત્ય સર્જકની સર્વક્ષમતાઓને સમર્પિત મનેખનું ગૌર્વાન્વિત ચરિત્ર એટલે ગાંધી.

**સારતત્વ :**

'કિરણ ચાહે સૂર્યનું હોય કે આશાનું, જીવનના સઘળા અંધકારને ઓગાળી નાખવા કાફી છે.'

મારા વ્યક્તિગત મત સાથે સહમત હશો જ એવી કોઈ અપેક્ષા નથી. છતાં આપ સૌ જ્ઞાતાઓ સમક્ષ ભીતરનો ભાવ કહેવો છે કે સફળ સાહિત્યકાર શિક્ષણમાં અભૂતપૂર્વ પરિવર્તન સાથે સત્વશીલ માનવસર્જનની ભેટ અર્પણ કરે જ. મને લાગે છે કે નઈ તાલીમ એ એમની સર્વોત્કૃષ્ટ ભેટ ગણાય. માત્ર ગુજરાત જ લઈએ. (માફ કરજો એ વખતની વાત છે.) સાબરમતી આશ્રમ લોકભારતી, ગુજરાત વિદ્યાપીઠ, વેડછી, લોકનિકેતન, નીલપર, અમરેલી, અલિયાબાડા, અનેરા, શામળાજી, બોચાસણ, સી.એન. અમદાવાદ વગેરે વગેરે કેળવણી ધામ અને એ વિસ્તારમાં પરિવર્તનની ઝાંખી યાદ કરજો. કંઈક વિશેષ તથ્ય હાથ લાગશે જ.

સાહિત્ય સર્જન એ ગાંધીના જીવનનું સાધ્ય નહીં, બલ્કે એ સાધન મારફત લોકોમાં વૈચારિક શુદ્ધતા સહ આચરણમાં અદ્‌ભુત ક્રાંતિ આણવાની ઝંખના તથા માતૃભાષા પ્રત્યેનો આદર એ એમનો મુખ્ય આદર્શ હતો. એમની માતૃભાષા ભક્તિ વિશ્વભરમાં 'ગાંધીગિરા'થી ઓળખાય છે. લેખન પાછળનો ભીતરી ઉદ્દેશ તો વધુ જનહૃદય સુધી પહોંચવાનો રહ્યો છે. એમનું ધ્યેય તો વિશાળતા કરતાં આવશ્યક્તાનુસાર વિશ્વસનીય સર્જન રહ્યું છે. લોકપ્રિયતા માટે ભાષાકીય ભભકાઓ કે અન્ય અતિક્રમણથી પર રહી જન કેળવણીનાં શિખરો આંબતું સાત્વિક સર્જન એ એમનું અંતિમ લક્ષ્ય રહ્યું છે.

**શ્યામજીભાઈ એમ. દેસાઈ**

પૂર્વ અધ્યાપક સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી

(અનુસંધાન પૃષ્ઠ ૧૩ થી ચાલુ)

પણ એ કપરી કપરી ક્ષણોમાં સાચવી લેનારા આપણા જીવનમાં કેટલાં!!

સમાજ માણસો માત્ર નહીં, સંબંધોથી બને છે. સંબંધો સંવાદથી બને છે. સંવાદ ઘટતા સંબંધ ખોખલા બને છે. કૃત્રિમ બને છે. સંવાદ જ કોઈપણ સંબંધનો પ્રાણ હોઈ શકે. બાળકની કાલીઘેલી ભાષા અને માનું હલરડું બાળક માતા વચ્ચેના શ્રેષ્ઠ સંવાદની પરિભાષા છે. કેટલું નિશ્ચળ!! કેટલું નિર્મળ!! અને કેટલું શુદ્ધ!!

પહેલાના સમયમાં 'પ્રેમપત્ર' લખતા હતાં, ત્યારે શબ્દો, પ્રેમ બની કાગળ પર ખીલતાં, વંચાતા અને સુગંધાતા હતાં. પ્રેમનું પ્રતીક બની એ પત્રો આજીવન સંવાદનું સ્મારક બનીને જીવંત રહેતાં. કદાચ સ્થૂળ સ્વરૂપે ન હોય, તો પણ સ્મરણ સ્વરૂપે ખરું જ. આજે આ સમયમાં આવા ભવ્ય પ્રેમનું સ્મારક, પ્રેમનો સ્થૂળ સંવાદ સંભવી શકે છે ખરો!! સ્નેપ ચેટ અને ઈન્સ્ટાગ્રામના જમાનામાં ચોપડામાં છેલ્લા પાને કે હથેળીમાં લખેલ કેટલાક શબ્દોનો રોમાન્સ સંભવી શકે છે ખરો!! બા-દાદા બાળકોને વાર્તા કહીને કોળિયા ભરી ભોજન કરાવતાં, તે સ્વાદ સાથેનાં સંવાદની મીઠાશ હવે સંભવી શકે છે ખરી!!

માણસ શબ્દોનો હેવાયો થયો છે પણ કેવાં? વર્ચ્યુઅલ, સોશિયલ મીડિયા, વર્ચ્યુઅલ સંબંધો દ્વારા લખાયેલ શબ્દો. તેમાં બે વ્યક્તિના સહઅસ્તિત્વનું હોવાપણું નથી. માત્ર બાહ્ય છે. આપણે એવો સમાજ રચી શકીએ જેથી વ્યક્તિ પોતિકા કે અજાણ્યા વ્યક્તિ સાથે પણ ભાવથી વાત કરી શકે, ભાવથી આવકાર આપી શકે,

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)

# સહનશીલતાથી સૌહાર્દ તરફ

- રણછોડ શાહ

જીવન ગતિશીલ હોય છે. લોલકની ગતિ જેવા જીવનમાં સુખદુઃખ સતત આવતાં જતાં રહેતાં હોય છે. ક્યારેક પ્રગતિશીલ તો ક્યારેક અધોગતિ તરફ જતું હોય તેવું લાગે. જીવનમાં સ્થિરતા શક્ય જ નથી. સામાજિક, કૌટુંબિક તથા વ્યાવસાયિક વ્યવહારોમાં સતત વહેતા રહેવું પડે છે. પ્રત્યેક સમયે કોઈને કોઈ સાથે પ્રત્યાયન થતું જ રહે છે. કદાચ કરવું જ પડે છે તેમ કહેવું વધારે યોગ્ય છે. જેની સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો જ પડે તે આપણે ઈચ્છીએ તે જ રીતે વર્તે તે શક્ય નથી. સમૂહમાં કરવાની કામગીરીમાં સહનશીલતા રાખવી જ પડે છે અને તે ઈચ્છનીય છે.

વર્તમાન સમયમાં મોટાભાગના લોકોએ તેમની યોગ્યતા પ્રમાણે આર્થિક ક્ષેત્રે પ્રગતિ કરી છે. મહદ્અંશે તેમની નાણાંકીય સ્થિતિ પ્રગતિકારક રહી છે. અત્યારની યુવાપેઢીને ત્રણ-ચાર દાયકા અગાઉની યુવાન પેઢી કરતાં વારસામાં આર્થિક સદ્ધરતા મળી છે. અગાઉના યુવાનોનો મોટાભાગનો સમય 'રોટી, કપડાં, મકાન' પ્રાપ્ત કરવામાં જતો હતો. અલબત્ત આજના જેવી મોંઘવારીનો તે સમયના યુવાનોને સામનો કરવો પડ્યો નહોતો. તે સમયે મર્યાદિત આવકમાં પણ કુટુંબ નિર્વાહ સરળતાથી થઈ જતો હતો. આજે લગભગ તમામ ક્ષેત્રોમાં અગાઉની સરખામણીએ ભાવવધારો સ્પષ્ટ નજરે પડે છે, અનુભવાય છે. સક્ષમ આર્થિક પરિસ્થિતિના અભાવે તે સમયના યુવાનોએ મને-કમને જે મળે તેનાથી 'ચલાવી' લેવું પડતું. આ ચલાવી લેવાની પરિસ્થિતિ ફરજિયાત હોવાથી જાણે-અજાણે તે સમયના લોકો સહનશીલ બન્યા હોય તેમ લાગે છે. જે પરિસ્થિતિ હોય તે સ્વીકારી લેવામાં શાણપણ કે ડહાપણ હતું. અલબત્ત આ સ્થિતિ ફરજિયાત તેથી 'સહનશીલતા'નો ગુણ આપોઆપ જીવનમાં વણાઈ જતો. 'મન મારી'ને પરિસ્થિતિને અનુરૂપ જીવન આગળ વધતું. આ સંજોગોને જે રીતે મૂલવવા હોય તે રીતે મૂલવી શકાય. પરંતુ ચોક્કસપણે કહી શકાય કે 'સહનશીલતા'નો ગુણ જાણે-અજાણે, મને-કમને, મરજિયાત કે ફરજિયાતપણે આત્મસાત થઈ જતો. જે મોટાભાગે જીવનભર ટકી પણ રહેતો.

આજે જેમ બાળકોને અભ્યાસમાં 'રેસના ઘોડા'ની જેમ જોતરવામાં આવે છે તેવી પરિસ્થિતિ તે સમયે નહોતી. વડીલો સંતાનના અભ્યાસ બાબતે મોટાભાગે સંતોષ અનુભવતા. તેનો અર્થ એવો સહેજ પણ નથી કે વડીલો કે યુવાનો આગળ વધવાનો, પ્રગતિ કરવાનો પ્રયત્ન નહોતા કરતા કે જે મળે

તેનાથી ચલાવી લઈ આળસુ બનીને બેસી રહેતા. પરંતુ પ્રયત્નો કર્યા પછી પણ ધારી સફળતા ન મળે તો જે મળે તેનાથી સંતોષ પામી વ્યક્તિ જાણે-અજાણે 'સહનશીલ' બનતો.

સહનશીલતાનો મહત્તમ ઉપયોગ કરવાની પરિસ્થિતિ કૌટુંબિક જીવનમાં આવે છે. કોઈપણ વ્યક્તિએ કોને ત્યાં જન્મ લેવો તે તેની પસંદગી નથી હોતી. તે જ પરિસ્થિતિ સંતાનોને જન્મ આપવા બાબતે પણ છે. કેવા બાળકોને જન્મ આપવો તે વ્યક્તિની કલ્પના બહારની વાત છે. માતા-પિતા કે સંતાનો જેવા હોય તેવા સ્વીકારવા જ રહ્યા. આ તો 'માથા સાથે કાન જોડાયેલા' હોય તેવી સ્થિતિ છે. સમગ્ર જિંદગીમાં આ બે સંબંધો અનિવાર્યપણે જન્મથી મૃત્યુ સુધી સતત અભિન્ન અંગ બનેલા હોય છે. તેમને સ્વીકારવા જ રહ્યા. મહદ્અંશે બંનેના સ્વભાવ, વ્યવહાર, વર્તણૂંક વગેરે એક જેવા જ હોય તેવું જૂજ જોવા મળે છે. વૈજ્ઞાનિક રીતે જોઈએ તો અગાઉની કેટલીય પેઢીના કયા ગુણો કે અવગુણો વ્યક્તિમાં ઉતરતા હોય છે તે તબીબો પણ કહી શકતા નથી. અલબત્ત કેટલીકવાર આ ગુણો કે અવગુણો આનુવંશિક હોય છે. આ સંજોગોમાં જો બંને પક્ષે સહનશીલતા ન હોય તો કૌટુંબિક જીવન અપાર વેદનામય બની જાય છે. વ્યક્તિ ગમે ત્યાં જાય તો મમ્મી-પપ્પાને ભૂલી શકતો નથી તે જ રીતે મમ્મી-પપ્પા પોતાના દીકરા-દીકરીથી માનસિક રીતે એક ક્ષણ માટે અલગ થઈ શકતા નથી. જીવનમાં શીખેલો, પામેલો, આચરેલો કે કેળવેલો સહનશીલતાનો ગુણ જ આ સંબંધને મધુર, ગૌરવપૂર્ણ અને સન્માનીય બનાવી શકે.

સહનશીલતાની સૌથી વિશેષ આવશ્યક્તા દાંપત્ય જીવનમાં હોય છે. અગાઉ તો લગ્ન વિષયક સંબંધો બાંધવાની જવાબદારી કે ફરજ વડીલોની રહેતી. છોકરો કે છોકરી શોધવાની કામગીરી નજીકના કૌટુંબિક સગાઓની મદદથી સુપેરે પાર પાડવામાં આવતી. તે સમયે કુટુંબની 'ખાનદાની' સૌથી અગ્રતાક્રમે રહેતી. સાધન અને સંપત્તિ સંપૂર્ણપણે નગણ્ય હતા તેમ કહી શકાય નહીં, પરંતુ તે જ માત્ર કેન્દ્રસ્થાને નહોતા. આજે જીવનસાથીની પસંદગી મહદ્અંશે યુવક-યુવતી જાતે જ કરે છે. શિક્ષણ અને વ્યાવસાયિક ક્ષેત્રે તેઓ સાથે ભણવા કે કાર્ય કરવા લાગ્યા ત્યારથી તેઓ જાતે જ મનગમતા પાત્રની પસંદગી કરતા થયા. બે જણ સંપૂર્ણપણે એકબીજાને ઓળખવા પ્રયત્ન કરવા લાગ્યા. વડીલો કે કૌટુંબિક માધ્યમ લગભગ નિર્મૂલ બની ગયું. મનગમતા પાત્રને પોતાની જાતે પસંદગીની મહોર લગાવવા માંડ્યા એટલે સૌને લાગ્યું કે બે વચ્ચે વિસંવાદિતાને સ્થાન રહે જ નહીં. બે જણે જાણી-સમજીને ઘર સંસાર માંડ્યો હોવાથી તેમનું દામ્પત્ય જીવન સુમધુર જ રહેશે. તેમના વચ્ચે કોઈ મતભેદ કે મનભેદને સ્થાન નહીં હોય. પરંતુ તેવું બન્યું નહીં. દામ્પત્ય જીવનને પ્રશ્નવિહિન રાખવું હોય તો બંને એ ચલાવી લેવાની ઉદારતા દાખવવી જ રહી. અહીં ઉદારતાનો અર્થ સહનશીલતા કરીશું. જો બે

માંથી એકમાં પણ તેનો અભાવ હોય તો સહજીવન તેની શાંતિ ગુમાવી દે છે. રોજની સમસ્યાઓ ઉપર દલીલો, આક્ષેપો, પ્રતિઆક્ષેપો, શંકા-કુશંકાની વણઝાર ચાલતી જ રહે છે. આજની આ વિકરળ સમસ્યા છે. લગ્ન જીવન કટોકટી ભર્યાં બન્યાં છે. ધીમે ધીમે લગ્ન સંસ્થામાંથી સત્ત્વ અને વિશ્વાસ અદશ્ય થઈ રહ્યાં હોય તેવું લાગે છે. તેથી લોકો તેના વિકલ્પો શોધે છે. પરંતુ જો બે પાત્રો સહનશીલ હોય તો જીવનનૈયા સુખરૂપે પાર ઉતરે છે.

સહનશીલતા વ્યાવસાયિક ક્ષેત્રે પણ અત્યંત આવશ્યક હોય છે. વ્યવસાયમાં સંપૂર્ણપણે ઈચ્છિત સ્થિતિ પ્રાપ્ત થાય તે શક્ય જ નથી. સંસ્થા સારી હોય તો તેનો વડો અનુકૂળ ન હોય તેવું બને. જો સંસ્થામાં ઉપરી અત્યંત સમજુ, પ્રામાણિક, પ્રેમાળ અને લાગણીશીલ હોય તો સંસ્થાની પોલીસી - વ્યવહાર કે ફિલસૂફી સાથે ગોઠવાવું શક્ય ન બને. બંને બાબતો અનુકૂળ મળે તો સાથી મિત્ર ઈચ્છિત સ્વભાવ અને પ્રેમાળ વ્યવહારવાળા ન હોય. ટૂંકમાં વ્યવસાયમાં ક્યાં કેટલી સહનશીલતા રાખવી તે તો વ્યક્તિએ જાતે નક્કી કરવું પડે. સહનશીલતા એટલે અનુકૂલન નહીં. અનુકૂલન તો સાધી લેવાય પરંતુ જતું કરવાની, માફ કરવાની, ભૂલી જવાની તૈયારી ન હોય તો વ્યવસાયમાં ટકી રહેવું કે આગળ વધવું શક્ય જ નથી. તેથી વર્તમાનમાં વ્યાવસાયિક ક્ષેત્રે સહનશીલતાની આવશ્યકતા વધુ જરૂરી બની છે.

અગાઉ જેટલી સહનશીલતાની જરૂરિયાત હતી તેના કરતાં આજે અનેકગણી વધી ગઈ છે. કારણ કે આર્થિક ક્ષેત્રે પ્રગતિ થઈ છે. પસંદગીના ક્ષેત્રો અમાપ બન્યા છે. શોખના સાધનોની સંખ્યા ખૂબ જ વધી ગઈ છે. કૌટુંબિક જીવન સંકુલ બની ગયું છે. વૈદ્યકીય સારવાર અને આરોગ્ય બાબતે સતર્કતાના કારણે આયુષ્ય મર્યાદામાં ખૂબ વધારો થયો છે. તેવા સમયે અને સંજોગોમાં સહનશીલતા જીવનનું અનિવાર્ય અંગ બની ગયું છે. જે મનુષ્યમાં જેટલો સહનશીલતાનો સદ્‌ગુણ વધુ તેટલો તે વધુ સુખી, સંતોષી અને સમૃદ્ધ બની શકશે.

---

ધરીના બે છેડા હોય છે તેમ શિક્ષણનાં પણ બે છેડાં છે. એક છેડો બાળક છે અને બીજો છેડે જીવનદર્શન છે - મા બાપે - શિક્ષકે બન્ને છેડા પર નજર રાખી પોતાનું વહાણ ચલાવવાનું છે. પહોંચવાનું તો બાળકે જ છે એટલે તેનો સ્વભાવ, તેનો વિકાસક્રમ, તેની શક્તિ-અશક્તિ આ બધાંનો શિક્ષક-માબાપને ખ્યાલ હોવો જોઈએ, નહીંતર ''માળી સીંચે સો ગુણં, ઋતુ વિણ ફળ ન હોઈ'' જેવું થાય.

❀ ❀ ❀

જીવનના નિભાવ અને સત્વ સંશુદ્ધિ અને વૃદ્ધિ માટે કઇ કઇ વસ્તુઓની વધારે જરૂર છે તેની આપણને સાફ સમજણ નથી. આથી આપણે નાનાને મોટું અને મોટાને નાનું રૂપ આપીએ છીએ. બાળક ગણિતમાં નાપાસ થાય તેથી તે જીવતરમાં નાપસ નથી થતો તે વાત આપણે ક્યારે સમજશું?

❀ ❀ ❀

# આઝાદીના ગર્ભમાં રહેલા નવરસ

**આઝાદીનો હું કરુણ રસ છું.**

**- પાલખીવાલા અમિતા મનુભાઈ**

''યુદ્ધ, ફાંસી, કારાવાસ ગાવો
સંઘર્ષ, હિંમત, વિશ્વાસ ગાવો
ભારત કી જયકાર ગાવો.''

આ કવિતાની પંક્તિઓમાં હું વણાયેલો છું પણ,

''અફસોસ ન મુતલક હૈ,
મુઝે ફાંસી પે ચઢને કા
જુદા ગોદી સે હોતા હૂં
યહી સદમા સતાતા હૈ!''

ઓળખ્યો મને? હું આઝાદીનો કરુણ રસ છું. આમ તો દુઃખ, શોક, પીડા, હેરાનગતિ, તકલીફ, વેદના, દર્દ, વ્યથા - આ બધા સાથે મારે બહુ ઊંડો સંબંધ છે. મારી સાથે વીર રસ અને ભયાનક રસ પણ હોય છે. પણ હું મુખ્યત્વે રૌદ્ર રસમાંથી ઉત્પન્ન થયો છું.

સ્વાતંત્ર્ય સંગ્રામનો હું અટલ યોદ્ધો છું. ક્રાંતિકારી પ્રવૃત્તિઓનો પ્રણેતા છું. ઝિંદાદીલ અને ઉદાર ઈન્સાન છું. નિઃસ્વાર્થ દેશભક્તિથી ભરપૂર છું. જોશપૂર્ણ શબ્દોનો સંચાલક છું. નીડરતા અને સાહસિકતાનો આદર્શ છું. સિદ્ધાંત માટે પ્રાણોની આહુતિ આપનાર છું. મૃત્યુની મધુરતાનો સ્વાદ ચાખવાવાળો છું. એટલે તો ભારતીયોના હૃદય સિંહાસન પર બિરાજમાન થયેલો રસ છું. હું વીરતા, ધીરતા અને ગંભીરતાનું પ્રતિક છું. 'ગુમરાહ' ના માનશો મને, હું લક્ષ્યવેધી ધનુર્ધર છું. બ્રિટિશ સામ્રાજ્ય વિરુદ્ધ મેં મહત્વની ભૂમિકા નિભાવી હતી. કેટલાય યુવાનોને ક્રાંતિકારી પથ પર ચાલવા માટે મેં પ્રેરણા આપી. હું જ તો સિંહ સમાન ભગત છું. ભગત છું, એટલે ભાગ્યવાન છું. હું જ ભાગ્ય અને સિંહના વીરત્વનો સુંદર સુમેળ છું. હું ભગતસિંહ છું. હું જ શહીદ-એ-આઝમ છું. ૨૮મી સપ્ટેમ્બર ૧૯૦૭ના દિવસે પંજાબના લાયલપુર જિલ્લાના બંગા ગામના એક વીર પરિવારમાં મારો જન્મ થયો હતો. હું જ વીર વંશની ડાળીનો વીરત્વભર્યો અંકુર!

બાળવયે જ ઘરમાં આઝાદી અને ક્રાંતિની વાતો સાંભળતા મારા પોતાનાથી અજાણ એવા મારામાં ક્રાંતિનું બીજ રોપવાની શરૂઆત થઈ હતી. ૧૫ જુલાઈ ૧૯૧૩માં અંગ્રેજ સામ્રાજ્યનો અંત લાવવા માટે અમેરિકાના સાનફ્રાન્સિસકોમાં સરદાર સોહનસિંહ ભાકનાના અધ્યક્ષપણા હેઠળ રચાયેલી ગદર પાર્ટીથી હું ખૂબ પ્રભાવિત હતો. કારણ કે આંતરરાષ્ટ્રીય રાજકીય ચળવળ ચલાવતી આ પાર્ટી ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઘણા ક્રાંતિકારીઓ માટે પ્રેરણાનો સ્ત્રોત હતી. પણ આ ગદર આંદોલનના ફળ સ્વરૂપે ૧૯૧૪ થી ૧૯૧૭ની વચ્ચે પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન સંખ્યાબધ ભારતીય ક્રાંતિકારીઓને મૃત્યુદંડ

તથા દેશનિકાલની સજા કરવામાં આવી અને આ ગદર આંદોલનના ભયથી જ અંગ્રેજોએ ભારતના લોકોના અધિકારો અને સ્વાતંત્ર્ય ઉપર તરાપ મારતો કાયદો - 'કાળો કાયદો' પસાર કર્યો. આ બધી ઘટનાઓએ મારા મન પર ૧૨ વર્ષની ઉંમરે પણ ઊંડી છાપ છોડી હતી. એમાં પણ ૧૩ એપ્રિલ ૧૯૧૯ના રોજ પંજાબના અમૃતસરમાં જલિયાવાલા બાગમાં 'રોલેટ એક્ટ'ના વિરોધમાં એકઠાં થયેલા અહિંસક પ્રદર્શનકારીઓના અમાનુષી સંહારે મને અમૃતસર જવા પ્રેરિત કર્યો. 'ઇન્કલાબ ઝિન્દાબાદ' (ક્રાંતિ દીર્ઘાયુષ્ય-Long Live Revolution)નો નારો લોકપ્રિય બનાવવાનો શ્રેય આમ તો મને આપવામાં આવે છે. પણ ૧૯૨૧માં મૌલાના હસરત મોહાનીએ તેમના તોફાની અને તેજસ્વી ભાષણો અને લખાણોમાં બ્રિટિશ સામ્રાજ્ય સામે પોતાના આક્રોશને વ્યક્ત કરતાં આ શબ્દ ઉચ્ચાર્યો હતો.

હિન્દની આઝાદી માટેની વેદી પર સમર્પિત થઈ જનાર 'પંજાબ કેસરી'! ખુમારીથી જીવવું અને ખુમારીથી મરવું એ તેમના જીવનનો મંત્ર હતો. એ જ તો લાલા લજપતરાય! જેમણે લાહોર ખાતે સાયમન કમિશનના વિરોધનું નેતૃત્વ કર્યું હતું. હવે થયું હતું એવું કે બ્રિટિશ ભારતમાં બંધારણીય સુધારાનો અભ્યાસ કરવા માટે ૩જી ફેબ્રુઆરી ૧૯૨૮ના રોજ સાત અંગ્રેજ સભ્યોનું બનેલું સાયમન કમિશન ભારત આવ્યું. જેમાં એક પણ ભારતીયનો સમાવેશ કરવામાં આવ્યો નહોતો. જે ભારતીયોનું ખૂબ જ મોટું અપમાન હતું. આથી આ કમિશન કોલકત્તા, લાહોર, લખનૌ, વિજયવાડા અને પૂના સહિત જ્યાં જ્યાં પહોંચ્યું ત્યાં તેણે જબરજસ્ત વિરોધનો સામનો કરવો પડ્યો હતો. સમગ્ર ભારતીય ઉપખંડમાં યુસુફ મહેરલીએ આપેલો ''સાયમન પાછા જાઓ'' (Simon Go Back) નો નારો ગૂંજી ઊઠ્યો. આ વિરોધ પ્રદર્શનમાં દેખાવકારો ઉપર બ્રિટિશ પોલીસે લાઠીચાર્જ, ટિયર-ગૅસ તથા ગોળીબારનો ભરપૂર પ્રયોગ કર્યો. જેમાં પંડિત જવાહરલાલ નહેરુ ઘાયલ થઈ ગયા, ગોવિંદ વલ્લભ પંત અપંગ થયા અને વયોવૃદ્ધ નેતા લાલા લજપતરાયની છાતી પર એટલી નિર્મમતાપૂર્વક લાઠીઓ વરસાવી હતી કે ૧૭ નવેમ્બર ૧૯૨૮ના દિવસે મા ભારતીનો આ લાડલો સપૂત અનંતની રાહનો મુસાફર બન્યો. ત્યારે દેશભક્તિ અને કુરબાની જીત્યા હતા. પણ અન્યાય અને અત્યાચાર હાર્યા હતા. આ વિરોધ પ્રદર્શનમાં હું પણ સામેલ હતો.

લાલાજીની હત્યાથી વ્યથિત થઈને તેમની હત્યાનો બદલો લેવા માટે મેં અને મારા સાથી સુખદેવ, રાજગુરુ અને બટુકેશ્વર દત્તે ખૂનનો બદલો ખૂનથી લઈને અંગ્રેજ સરકારની શાન ઠેકાણે લાવવાનું નક્કી કર્યું હતું. જેના ભાગરૂપે ૧૭ ડિસેમ્બર ૧૯૨૮ના દિવસે પોલીસ સ્ટેશનની સામે જ પોલીસ સુપ્રિટેન્ડન્ટ સાંડર્સને મેં અને રાજગુરુએ ગોળીથી ઉડાવી દઈ એક જ મહિનામાં લાલાના મોતનો બદલો લઈ લીધો. જેનાથી સરકારની ઊંઘ હરામ થઈ ગઈ અને ફફડી ગયેલા અંગ્રેજ પોલીસ ઑફિસરોએ તો

ઘરમાંથી નીકળવાનું જ બંધ કરી દીધું. ત્યારબાદ ૮ એપ્રિલ ૧૯૨૯ના દિવસે દિલ્હીની સેન્ટ્રલ લેજિસ્લેટિવ એસેમ્બલીમાં પબ્લિક સેઈફટી બિલના વિરોધમાં અમે બોમ્બ ફેંક્યો. અમે તો ભાગ્યા વગર ખુમારીથી ઊભા રહ્યા અને અમારી ધરપકડ થઈ.

મારે કોઈ વેરી નહોતા કે હું રક્તનો પ્યાસો પણ નહોતો. આથી જ તો બોમ્બ પણ સ્મોક બોમ્બ હતો, જે સામ્રાજ્યવાદ સામે વિરોધનું પ્રતીક હતું. કોઈને પણ ઈજા ના થાય, કોઈ ઘાયલ ના થાય એ રીતે આ સ્મોક બોમ્બ ફેંક્યો હતો. આ સાંકેતિક પગલું હતું અમે તો વ્યક્તિની હત્યાના વિરોધી હતા. પણ અંગ્રેજો ક્રાંતિમાં રક્તપાતના વિરોધી નહોતા. આ તો ‘‘બહેરાઓને સંભળાવવા માટે ઊંચા અવાજની જરૂર હોય છે.’’ અમે તો અંગ્રેજ સરકારને કહેવા માંગતા હતા કે વ્યક્તિનો વધ કરવો સહેલો છે, પણ તેના વિચારોનો વધ કરવો સહેલો નથી. એમાં ભલભલા સામ્રાજ્યો નષ્ટ થઈ ગયા છે. આથી જ રાષ્ટ્રીય કવિ ઝવેરચંદ મેઘાણી મારા સંદર્ભમાં લખે છે,

‘‘વીરા! તારે નો’તા રે દોખી ને નો’તા દાવ;

તરસ્યોયે નો‘તો રક્તનો હો...જી....’’

કારણ કે માનવજીવનને હું અત્યંત પવિત્ર માનું છું. અન્ય કોઈને ઈજા પહોંચાડવાને બદલે હું માનવજાતની સેવા કરતાં કરતા મારા પ્રાણ વિસર્જીત કરવાનું વધારે પસંદ કરું.

લાહોર ષડયંત્ર કેસના કારણસર હું, રાજ્યગુરુ અને સુખદેવ લાહોર જેલમાં બંધ હતાં. અમને આજીવન કારાવાસની સજા થઈ. ભારતીય કેદીઓને રાજનૈતિક દરજ્જો આપવાના સમર્થનમાં ૧૧૪ દિવસના ઉપવાસમાં જ્યોતીન્દ્રનાથ શહીદ થઈ ગયા. મારા પિતાને પત્ર લખીને મેં ગીતા રહસ્ય, નેપોલિયનની ડાયરી, ફ્રેન્ચ ક્રાંતિ, જ્યોર્જ બર્નાડ શૉ વગેરે પુસ્તકો મંગાવ્યા અને આવા સંખ્યાબંધ પુસ્તકો મેં જેલમાં વાંચી નાખ્યા. આ પછી તો ૭મી મે ૧૯૨૭ના રોજ લાહોર મેજિસ્ટ્રેટની કોર્ટમાં સાંડર્સ હત્યાકાંડ કેસની સુનાવણીમાં મને, સુખદેવ અને રાજગુરુને મૃત્યુદંડની સજા ફરમાવવામાં આવી. પણ બટુકેશ્વર દત્તને પૂરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા.

૨૩ માર્ચ ૧૯૩૧ની શરૂઆત એક સામાન્ય દિવસની જેમ જ થઈ હતી. ફરક માત્ર એટલો હતો કે સવારે સવારે જોરદાર વાવાઝોડુ આવ્યું. હું ઘાસ ઊગી ગયેલી, કાચી ફર્શવાળી ૧૪ નંબરની મારી નાનીશી કોટડીમાં પાંજરાબંધ સિંહની જેમ ચક્કર લગાવી રહ્યો હતો. આમ તો રાજકીય કેદીના અમારા દરજ્જાને ધ્યાનમાં રાખીને અમને સાધારણ ગુનેગારોની જેમ ફાંસી આપવાના બદલે બંદૂક વડે ઠાર કરવાની અમે વિનંતી કરી હતી. પરંતુ તેઓએ અમારી વિનંતીને ફગાવી દીધી.

અમને ત્રણેયને ૧૯૩૧ની ૨૪ માર્ચે વહેલી સવારના છ વાગ્યે ફાંસી આપવાની હતી. પણ પ્રજાના રોષથી બચવા અંગ્રેજોએ છળપૂર્વક ૨૩ માર્ચના રોજ સાંજે ૭.૩૦ વાગ્યે જ અમને ફાંસી આપવાનો નિર્ણય કર્યો. સૂરજ

અસ્ત થઈ ગયો હતો. મેં દેશને 'સામ્રાજયવાદ મુર્દાબાદ અને ઈન્કલાબ ઝિંદાબાદ'નો સંદેશો પણ પાઠવ્યો.

વોર્ડન ચરતસિંહની સૂચનાથી કેદીઓ પોતપોતાની કોટડીમાં બંધ હતા. વાળંદ બરકતે દરેક કોટડી પાસેથી પસાર થતાં અમારા ત્રણેયની ફાંસીનો અંદાજ આપ્યો. ત્યારે કેદીઓએ બરકતને વિનંતી કરી કે તેઓ ફાંસી બાદ મારી કોઈપણ ચીજ જેમ કે પેન, કાંસકો, ઘડિયાળ તેમને લાવી આપે. જેથી તેઓ પોતાના પૌત્ર-પૌત્રીઓને કહી શકે કે તેઓ મારી સાથે જેલમાં બંધ હતા.

લાહોરની સેન્ટ્રલ જેલમાં સાંજે સાત વાગ્યાનો સમય છે. સામાન્ય રીતે કોલાહલથી ગાજતી રહેતી આ તોતીંગ જેલમાં આજે સવારથી જ કેદીઓની તમામ કોટડીઓ અને જેલ સ્ટાફ આવાસમાં એક અજીબ ખામોશી છવાયેલી હતી. કેટલાંક કેદીઓએ તો આજે સવારે ભોજન લેવાનો પણ ઈન્કાર કરી દીધો. માત્ર જેલમાં જ નહીં, સમગ્ર ભારતના કરોડો નાગરિકોના સમગ્ર ચિત્તતંત્ર પર આજે સવારથી જ ગમગીની છવાયેલી હતી. પણ આ ગમગીનીમાં અમારી કાળ કોટડીમાં તો ઉત્સવનો માહોલ હતો. સવારથી અમે ત્રણેય પહાડી અવાજે કોરસમાં ગાઈ રહ્યાં હતાં,

'સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈં,

દેખના હૈ જોર કિતના બાજુએ કાતિલ મેં હૈં.'

આ કોરસ પૂરું થયા પછી એક ૨૪ વર્ષના નવયુવકે શહીદ કવિ રામપ્રસાદ બિસ્મીલનું ગીત 'મેરા રંગ દે બસંતી ચોલા' ગાવાનું શરૂ કર્યું અને જેલની કાળમીંઢ કોટડીઓમાં પૂરાયેલા સેંકડો કેદીઓએ કોરસમાં એ ગીત ઉપાડી લઈને જેલને દેશભક્તિના રંગે રંગી નાખી.

૨૩ માર્ચ, ૧૯૩૧ જેવા જેલની ઘડિયાળમાં છ વાગ્યા કેદીઓએ ભારે બૂટોના જમીન પર પડવાથી આવતા અવાજ સાંભળ્યા. થોડા સમયમાં અમારી કોટડીઓનું તાળું અને નકૂચો તૂટવાનો કિચૂડાટ અવાજ સંભળાયો અને અમને કોટડીમાંથી બહાર કાઢીને ફાંસીના માંચડે લઈ જવાયા.

આમ તો શોષણ અને અન્યાય સામે લડવા માટે ગાંધીજીએ ઉઠાવેલા અનન્ય શસ્ત્ર 'સત્યાગ્રહ' વખતે હું હાજર હતો. પણ હું માનતો  હતો કે બ્રિટિશ રાજ સામે હથિયાર ઉઠાવવું એ દેશને મુક્ત કરવાનો એક માત્ર રસ્તો છે. પરંતુ ગાંધીજી અહિંસાના સમર્થક હતા. છતાં પણ અમારી મૃત્યુદંડની સજામાં ઘટાડો કરવા માટે વૉઈસરૉય લોર્ડ ઈરવિનને તેમણે મજબૂત અપીલ કરી, પણ તેમાં નિષ્ફળ ગયાં.

પણ અમને ક્યાં કંઈ અફસોસ હતો! આજે સવારે જ મેં છેલ્લો શેર લખ્યો હતો, 'દિલસે ન નિકલેગી મરકર ભી વતન કી ઉલફત, મેરી મિટ્ટી સે ભી ખુશ્બુ-એ-વતન આયેગી.' ફાંસીના માંચડા તરફ આગળ વધતાં હું એ ગાઈ રહ્યો હતો. આ ક્ષણ માટે તો મેં મારું જીવન દેશને ન્યોછાવર કર્યું હતું. આ ક્ષણની તો મેં રીતસર પ્રતીક્ષા કરી હતી!

ફાંસીના માચડે મારી જમણી બાજુ

રાજગુરુ, ડાબી બાજુ સુખદેવ અને વચમાં હું હતો. ઘડિયાળના કાંટા જેવા ૭ વાગીને ૩૦ મિનિટે પહોંચ્યા કે મેં માતાને આપેલા વચન પ્રમાણે ફાંસીના માંચડેથી 'ઈન્કલાબ ઝિંદાબાદ'નો ગગનભેદી નારો પોકાર્યો, કે તરત જ જેલમાં પણ 'ઈન્કલાબ ઝિંદાબાદ' ના સૂત્રો ગૂંજી ઊઠ્યા. સુખદેવ અને રાજગુરૂના ગળામાં ફાંસીની રસ્સી નાખવામાં આવી. પણ ફાંસીના ફંદાને હસીને, ચૂમીને મેં જાતે જ ગળામાં નાખ્યો. અમારા હાથ પગ બાંધી દેવાયા. સુખદેવની ઈચ્છા પ્રમાણે જલ્લાદે સૌ પ્રથમ એની રસ્સી ખેંચી અને પછી એક એક કરીને અમારી. અને બધું સૂમસામ અંધકાર.

હવે કોઈપણ પૂર્વગ્રહ વગર આગળની ઘટનાઓના ઈતિહાસે રજૂ કરેલા તથ્યોને આપણે જાણીએ.

પછી એકાએક સૂનકાર વ્યાપી ગયો. ત્યારે જેલમાં કેદીઓની જ નહીં, કેટલાય અધિકારીઓની આંખ પણ ભીની થઈ ગઈ હતી. તેમના પગ તળેનો રાખેલો તખ્તો પાટુ મારીને ખસેડી દેવાયો. ઘણા સમય સુધી તેમના મૃતદેહો માંચડા પર લટકતા રહ્યા. અંતમાં તેમને નીચે ઉતારાયા અને ત્યાં હાજર ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. જેલના એક અધિકારી પર આ ફાંસીની એટલી અસર થઈ કે જ્યારે તેમને મૃતકોની ઓળખ કરવા માટે કહેવામાં આવ્યું ત્યારે તેમણે ઓળખ કરવાનો ઈન્કાર કરી દીધો. એ જ સમયે તેમને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા. ત્યારે એક જૂનિયર અધિકારીએ આ કામ કર્યું. કરુણતા એ હતી કે આ દૃશ્ય નિહાળી રહેલા જેલના નાયબ વડા મોહમ્મદ અકબર આંખમાં આવતા આંસુને રોકવાના મુશ્કેલ પ્રયાસ કરતા હતા. વોર્ડન ચરતસિંહ પણ જોરજોરથી આ જોઈને રડવા લાગ્યા કે તેમણે ૩૦ વર્ષની કારકિર્દીમાં સેંકડો ફાંસીઓ જોઈ હતી. પરંતુ કોઈએ મૃત્યુને આટલી બહાદુરીથી ગળે લગાડ્યું નહોતું; જેટલું આ ત્રણેય ક્રાંતિવીરોએ લગાડ્યું હતું.

અગાઉની યોજના પ્રમાણે આ બધાના અંતિમ સંસ્કાર જેલની અંદર કરવાના હતા. પણ જેલની બહાર ઊભેલી ભીડના ભયથી જેલની પાછલી દિવાલ તોડીને અપમાનજનક રીતે સામાનની જેમ તેમને એક ટ્રકમાં નાંખ્યા અને ફિરોઝપુર પાસે રાવી નદીના બદલે સતલજ નદીના કિનારે મૃતદેહોને અગ્નિદાહ આપવાનો નિર્ણય કરી ત્યાં લઈ ગયા. (કારણ કે રાવી નદીમાં પાણી ઓછું હતું) સતલજના કિનારે બે પૂજારી મૃતદેહની રાહ જોઈ રહ્યા હતા. ગામના લોકોને ખબર પડતાં તેઓ ત્યાં ધસી આવ્યા. તો ભયના માર્યા બ્રિટિશ સૈનિકોએ એમના મૃતદેહોને કાયરતાપૂર્વક અધકચરો અગ્નિસંસ્કાર આપી ત્યાંથી ભાગી ગયા. આખી રાત ગામના લોકોએ એ મૃતદેહોની ચારે તરફ પહેરો ભર્યો. અને સવારે અગ્નિસંસ્કાર કર્યા. પછીના દિવસે બપોરે જિલ્લા મેજિસ્ટ્રેટની સહી સાથે લાહોરના ઘણા વિસ્તારોમાં નોટિસ લગાવી જણાવ્યું કે આ ત્રણેયના સતલજના કિનારે હિન્દુ અને શીખ વિધિથી અંતિમ સંસ્કાર કરી દેવામાં આવ્યા છે, કે જ્યારે તેઓનો પૂર્ણ રીતે

અગ્નિસંસ્કાર પણ કરવામાં આવ્યો નહોતો.

ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ. તાબૂતમાં પડેલા આ ત્રણેયના મૃતદેહો જોઈને લોકો પણ આંસુ ખાળી ના શક્યા. એમના સન્માનમાં ત્રણ માઈલ લાંબુ શોક સરઘસ નીકળ્યું. જેમાં પુરુષોએ વિરોધરૂપે પોતાની ખભા પર કાળી પટ્ટીઓ બાંધી હતી, મહિલાઓએ કાળી સાડી પહેરી હતી અને બધા લોકોના હાથમાં કાળા ઝંડા હતા.

જાણીતા અખબારના સંપાદક મૌલાના ઝફર અલીએ એક નઝમ (કવિતા) પઢી, જેનો ભાવાર્થ હતો, કેવી રીતે આ શહીદોના અર્ધ બળેલા મૃતદેહોને ખુલ્લા આકાશ નીચે જમીન પર છોડી દેવામાં આવ્યા!

''જો મારા લગ્ન ગુલામ ભારતમાં થવાના છે તો મારી દુલ્હન મૃત્યુ હશે.'' માતાપિતાની તેમના લગ્ન માટેની ઈચ્છાને ભગતસિંહે પોતાની રીતે જ પૂરી કરી.

ભગતસિંહની છેલ્લી ઈચ્છા તો 'રિવોલ્યુશનરી લેનિન' નામનું પુસ્તક વાંચવાની હતી. વકીલ પ્રાણનાથ મહેતા તેમના માટે એ પુસ્તક લાવ્યા પણ ખરા. પરંતુ નિર્ધારિત સમય કરતાં ૧૧ કલાક વહેલા ફાંસી આપવાના નિર્ણયે તેમને એક પ્રકરણ પણ પૂરું વાંચવા ના મળ્યું. એ કેવી કરુણતા! એટલું જ નહીં પણ સાંજે ૭.૩૦ વાગ્યાની ફાંસીનું કરુણ દૃશ્ય જોવા સૂરજ પણ ના રોકાયો.

ફાંસી આપવાના એક દિવસ પહેલાં સાંજે સફાઈ કર્મચારી બેબેને તેમણે પોતાના ઘેરથી તેમના માટે ખાવાનું લાવવાનું કહ્યું હતું. પણ એ જ ફાંસીનો નિર્ણય બદલાતા ભગતસિંહ તેમની એ ઈચ્છા પણ પૂરી ના કરી શક્યા. વિધિની આ પણ કેવી કરૂણતા!

વીરા! એ તો ફાંસી રે નહિ, ફૂલમાળ :

પે'રીને પળ્યો પોંખણ હો...જી

વીરા! તારું વદન હસે ઊજમાળ

સ્વાધીનતાના તોરણે હો...જી.

આ ત્રણ લબરમૂછિયા નવજવાનોને સમર્પિત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું આ કરુણાસભર કાવ્ય આજે પણ થથરાવી જાય છે.

'કભી વો દિન ભી આયેગા,

કિ જબ આઝાદ હમ હોંગે.

યે અપની હી જમી હોગી,

યે અપના આસમા હોગા'

મા ભોમની મુક્તિની ઝંખના કરતાં કરતાં આ ત્રણેય ક્રાંતિવીરો ફાંસીના માંચડા તરફ હસતાં-હસતાં આગેકદમ કરતાં હતાં, ત્યારે તેમના વિયોગનું એક એક કદમ કેટલા લોકોના હૈયામાં કરુણા ઊપજાવી ગયા હશે!

આ ત્રણેય સ્વાતંત્ર્ય સેનાનીઓની યાદમાં ૨૩ માર્ચ 'શહીદ દિવસ' તરીકે યાદ રખાય છે. આપણા ભારતીય બંધારણે પણ તેઓને ૨૦મી સદીની શરૂઆતમાં ભારતીય સ્વાતંત્ર્ય ચળવળના 'હીરો' તથા 'મહાન સ્વાતંત્ર્ય સેનાની' તરીકે ઘોષિત કર્યા.

(અનુસંધાન પૃષ્ઠ ૩૩ ઉપર)

# શ્રી બચુભાઈ રાવલ ઉત્તમ ગણિત શિક્ષક

- હીરાલાલ એન. છોડવડીયા

અમદાવાદની સારી શાળાઓની યાદીમાં સરસ્વતી વિદ્યાલયનું નામ ન હોય એ અશક્ય. સરસ્વતીનું ગણિત-વિજ્ઞાનનું શિક્ષણ પ્રસિદ્ધ. શાળામાં એક વર્ષે બોર્ડમાં ૬૦ વિદ્યાર્થીઓમાંથી ૩૦ વિદ્યાર્થી મેડિકલ એન્જીનિયરીંગમાં. L.D. Eng.ના પ્રોફેસરે સવાલ પૂછ્યો હતો કે સરસ્વતી વિદ્યાલય ક્યાં આવી છે? શાળાને આવી પ્રસિદ્ધિ અપાવનાર ટીમના મુખ્ય નાયક ગણિતના શિક્ષક શ્રી બચુભાઈ રાવલ. બચુભાઈ રાવલનું નામ પડે એટલે પહેલા ગણિત જ યાદ આવે. વર્ગમાં પ્રવેશે તરત જ બ્લેકબોર્ડ સાફ થઈ જાય અને ત્રણ વિભાગમાં વહેંચાય જાય. દાખલો સમજાવતા સમજાવતા બોર્ડ પર ગણાતો જાય, પ્રથમ ભાગ લખાઈ જાય પછી બીજો ભાગ અને ત્રીજો ભાગ લખાય એટલે પહેલો ભાગ ભૂસાઈ જાય અને તેમાં ચોથો ભાગ લખાઈ જાય. મુંબઈની લોકલ ટ્રેન પકડવા દોડવું પડે તેમ વિદ્યાર્થીઓએ ઝડપથી સમજીને ઝડપથી લખવું પડે. ક્લાસરૂમ બેલ પડે ત્યારે છોડે ત્યારે બોર્ડ ભરેલું હોય જે લખતા વિદ્યાર્થીઓને ઓછામાં ઓછી બીજી દસ મિનિટ જોઈએ. આ રીતે તેમનું ગણિતનું કાર્ય ૩૫ મિનિટના પિરિયડમાં ૪૫ મિનિટ ચાલે.

સાચા અર્થમાં કર્મયોગી. ગણિત એમના શ્વાસમાં. સરસ્વતીના કોઈપણ ગણિત શિક્ષકને પ્રશ્ન હોય તો પૂછો બચુભાઈને. કદાચ ગણિતની કોઈ સમસ્યા એવી નહોતી જેનો ઉકેલ બચુભાઈ રાવલ પાસે ન હોય. વૈદિક ગણિતના પણ ખાટું, વિશ્વાસ ન હોય તો તેમનું લખેલ વૈદિક ગણિતનું પુસ્તક જોઈ લેજો. ગુજરાતના શ્રેષ્ઠ ગણિત શિક્ષક શ્રેષ્ઠ શિક્ષકનો રાજકીય એવોર્ડ નહતો મળ્યો.

પરંતુ શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ વિદ્યાર્થીઓ પાસેથી મળ્યો હતો. વિશ્વાસ ન આવતો હોય તો ગુજરાતના જાણીતા નીડર પૉલિસ ઑફિસર શ્રી તરુણ બારોટને કે જાણીતા ગાયનેક ડૉ. વિપુલ ઓઝાને પૂછી જો જો. બચુભાઈ રાવલ કોણ છે? અરે, હાલ ૮૦ વર્ષના શિક્ષકશ્રી સેંધાભાઈ પટેલે એમના પુત્ર કલ્પેશને કહ્યું (બચુભાઈ રાવલના પુત્રશ્રી કલ્પેશ રાવલ હાલ અમેરિકા રહે છે.) બચુભાઈ રાવલ પાસેથી હું સારી રીતે, ગણિત કેમ ભણાવાય તે શીખ્યો હતો. આ થઈ શિક્ષક તરીકેની વાત.

બીજી વાત માપવા તો ગજ પણ નાનો પડે. 'સેવા' કદાચ એમના જીવનમાં કોઈક દિવસ

(અનુસંધાન પૃષ્ઠ ૩૩ ઉપર)

# કેળવણીયુક્ત શિક્ષણ : અનિષ્ટોનું અમોઘ ઔષધ

- રેખાબા સરવૈયા

સ્વામી વિવેકાનંદ દઢપણે એવું માનતા કે સાચી રીતે લીધેલું શિક્ષણ સમાજમાં પ્રવર્તી રહેલા દરેક અનિષ્ટોને મૂળમાંથી મટાડી દેવાનું અમોઘ ઔષધ છે. આજની આધુનિક શિક્ષણવ્યવસ્થામાં આપણે બાળકો કે યુવાનો દ્વારા જે શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છીએ, તેમાંય અમુક તત્ત્વો તો સારા છે, પણ એનાથી એટલા બધા ગેરફાયદા થાય છે કે, આ સારા તત્ત્વો એથી નહિવત જ બની રહે છે. પહેલું તો એ કે આ શિક્ષણથી માનવ ઘડાતો નથી એતો કેવળ નકારાત્મક છે ને આવું નકારાત્મક શિક્ષણ તો મૃત્યુ કરતા પણ ખરાબ હોય છે. **સાચું શિક્ષણ તો વ્યક્તિત્વ વિકાસની દિશામાં ચાલીને સમગ્ર સમાજનાં અનિષ્ટો સામે બાથ ભીડે એવું હોવું જોઈએ.**

બાલ્યકાળથી જ આપણે આ પ્રકારનું નકારાત્મક શિક્ષણ પામતા આવ્યા છીએ. પોતાની જાતને નગણ્ય માનીએ છીએ એટલું જ આપણે શીખ્યા છીએ. આ દેશમાં પણ કદીક મહાન વિભૂતિઓ જન્મી હતી એવું તો આપણને ભાગ્યે જ શીખવવામાં આવે છે. કશું પણ સંગીન સ્વરૂપનું આપણને કદીય શીખવવામાં આવતું નથી. આપણે કેવળ આપણી નિર્બળતાઓનું જ જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ.

જો કોઈ એક માણસ અમુક પરીક્ષામાં ઉત્તીર્ણ થાય અને વ્યાખ્યાનો આપી શકે તો જ તે શિક્ષિત છે એમ તેમ માનો છો? જીવન માટેનાં સંઘર્ષમાં ટકી રહેવા પૂરતી સાધનસામગ્રી સામાન્ય જનસમૂહને પ્રાપ્ત કરી આપવામાં જે શિક્ષણ મદદ નથી કશી શકતું, ચારિત્ર્યને દઢતા નથી આપી શકતું, પરોપકારની ભાવના અને સિંહ જેવી હિંમત ખીલવી નથી શકતું, તે શિક્ષણના નામને પણ લાયક છે ખરૂ?

શાળાઓમાં અને કૉલેજોમાં હાલમાં જે શિક્ષણ અપાય છે તે તો અજીર્ણથી પીડાતા રોગીઓ જ બનાવી મૂકે છે. માણસ કેવળ યંત્રની જેમ કાર્ય કર્યે જાય છે. અને કૂવામાંનાં દેડકા જેવું જીવન જીવી રહે છે. તો પછી સાચું શિક્ષણ એટલે શું? - આ સવાલનો જવાબ સ્વામી વિવેકાનંદ આપે છે કે : 'શિક્ષણ એટલે ડિગ્રીઓનું પ્રમાણપત્ર? ના. પુસ્તકાભ્યાસ? ના. અનેકવિધ જ્ઞાન? એ પણ નહીં. જે કેળવણીથી ઈચ્છાશક્તિનો પ્રવાહ અને આવિષ્કાર સંપત્તિ બનીને ફળદાયી બની શકે તેનું નામ શિક્ષણ.' સાચા શિક્ષણને એક પ્રકારની વિશિષ્ટ શક્તિ અથવા તો સમર્થ અને શુભ સંકલ્પો કરતાં શીખવવાની કેળવણી તરીકે વર્ણવી શકાય. શિક્ષણ એટલે કેવળ શબ્દોનો મેળો નહીં.

માનવનું ઘડતર એ જ દરેક સાચા શિક્ષણનું ધ્યેય હોવું જોઈએ. શિક્ષણ એટલે તમારા

મગજમાં એકઠો થઈને આત્મસાત બન્યા વિના જીવનભર ઉત્પાત મચાવ્યા કરનારો માહિતીઓનો ઢગલો નહીં. જીવન ઘડનારા, સાચા માનવીનું નિર્માણ કરનારા, ચારિત્ર્ય વિકસાવનારા વિચારોને આત્મસાત કરવાની આપણને ઘણી જરૂર છે. જો તમે કેવળ પાંચ જ વિચારોને આત્મસાત કરી તમારા જીવન સાથે, સ્વભાવ સાથે એકરૂપ કરી શક્યા હો, તો એક પુસ્તકાલયના ગ્રંથોને કંઠસ્થ કરનારનાં કરતાં તમારામાં વિશેષ જ્ઞાન છે એટલું જરૂર માનજો.

'ચંદનકાષ્ઠનો ભારો લઈ જનાર ગધેડો લાકડાના ભારને જ જાણે છે, ચંદનની સૌરભને ઓળખતો નથી.'

આજ મોટા ભાગના વિદ્યાર્થીઓ આવા નથી શું? જો માહિતીના સંચયનું નામ જ શિક્ષણ હોય તો પુસ્તકાલયોને મહર્ષિઓ કહેવા જોઈએ. અને જ્ઞાનકોષને ઋષિઓ તરીકે ઓળખવા જોઈએ.

સ્વામીજીએ શિક્ષણ અને કેળવણીને નોંખા તારવ્યા છે. એમણે કેળવણીની વ્યાખ્યા અદભૂત કરી છેઃ 'માણસમાં ગૂઢરૂપે રહેલી પૂર્ણતાનો આવિષ્કાર સાધી આપે તેનું નામ જ કેળવણી.' ધર્મને હું શિક્ષણનું હાર્દ લેખું છું. પણ એટલું ધ્યાનમાં રાખજો કે અહીં ધર્મ એટલે કે મારા કે બીજા કોઈનાં ધર્મ વિશેના વિચારો એવો અર્થ નથી, ધર્મ મુખ્ય વસ્તુ છે, બીજુ બધું ગૌણ છે. પણ આપણને તો બધાની જ જરૂર છે. 'ધારયતે...ઈતિ ધર્મ.' ધર્મધારણ કરીને અમલમાં મૂકવાની વિચારધારા છે.

શિખવાની આદર્શ પદ્ધતિ એટલે કે ચિતની એકાગ્રતા અને અનાસક્તિ. આપણી પાસે તો જ્ઞાન પ્રાપ્ત કરવાની જ એક પદ્ધતિ છે. ક્ષુદ્રમાં ક્ષુદ્ર માણસથી માંડીને મહાન યોગી સુધી બધાને એ જ પદ્ધતિનો ઉપયોગ કરવાનો રહે છે. એનું નામ ચિતની એકાગ્રતા દ્વારા જ્ઞાનપ્રાપ્તિ.

આ સામર્થ્ય, અંતરાયને પ્રહારથી છેદી નાંખવાની શક્તિ. ચિત્તની એકાગ્રતામાંથી જ ઉદ્ભવે છે. માનવમનના સામર્થ્યને કશી મર્યાદા નથી. જેમ તમે એને વધારે એકાગ્ર કરશો તેમ એ વધારે કાર્યસાધક બનશે. પદ્ધતિનું રહસ્ય આટલું જ છે. મારે મન તો શિક્ષણનું સાચું સત્ત્વ તે આ ચિત્તને એકાગ્ર કરવાની શક્તિ જ છે. હકીકતોનો ઢગલો એકઠો કરવો તે શિક્ષણ નથી. જો મારે મારું શિક્ષણ ફરી પ્રાપ્ત કરવાનું હોય ને જો એમાં મારું કંઈ ચાલી શકે એમ હોય તો હું આ માહિતીઓનો ઢગ એકઠો કરવાની પંચાતમાં પડવાનું જરા પણ પસંદ નહી કરું. મને ચિત્તને એકાગ્ર કરવાની અને અનાસક્ત રહેવાની શક્તિઓને વિકસાવવાનું જ વધારે ગમશે. એ રીતે ગ્રહણ કરનારું સાધન વધારે કાર્યક્ષમ બન્યું હોય પછી હકીકતોનો સંગ્રહ કરતાં શી વાર લાગવાની હતી? એટલે બાળકમાં એકી સાથે બે શક્તિઓનો વિકાસ કરતા રહેવું જોઈએ.

વિદ્યાર્થીઓ સાથે એકાત્મતા કેળવીને

તેમની રૂચિ મુજબનાં વિષયોનું જ્ઞાન આપે એ સાચો શિક્ષક છે. સાચા વિદ્યાર્થીની અંદર પણ કંઈક નવું શિખવાની તીવ્રતમ જિજ્ઞાસા, જ્ઞાન પ્રાપ્તિની ઉત્કટ પિપાસા, શુચિતા અને અણથક કામ કરવાની ઉત્સાહી ઉદ્યમશીલતાનાં ગુણો સમગ્ર જીવનને કેળવવા માટે આવશ્યક છે. અને આ ગુણોને ઉજાગર કરે તે જ સાચું શિક્ષણ. પેલું ઉદાહરણ તો ખબર છે ને, પથ્થરમાં પ્રથમથી જ સુંદર મૂર્તિ વિદ્યમાન હોય છે, બસ...મૂર્તિકારે તેની આસપાસનો નકામો પથ્થરનો મેદ છીણી, ટાંકણું અને હથોડી વડે દૂર કરીને મૂર્તિને દશ્યમાન ઘાટ આપવાનો છે. બસ..આવું જ કામ એક કેળવાયેલાં શિક્ષકે પોતાનાં વિદ્યાર્થી માંહેની અંતરનિહિત શક્તિઓને કેળવણી થકી ઉજાગર કરવાની છે.

(સાભાર : કોડિયું માસિક ઑક્ટોબર ૨૦૨૪માંથી)

---

(અનુસંધાન પૃષ્ઠ ૨૯ થી ચાલુ)

આઝાદીના આ કરુણ રસની અનુભૂતિ થતાં જ ગ્લાનિ થઈ આવે છે, આંખ આંસુથી ભરાઈ જાય છે અને નિસાસા નંખાઈ જાય છે કારણ કે કરુણ રસ વિયોગનો રસ છે.

''અગર બહેતર ભૂલી જાજો અમારી યાદ ફાની!  
બૂરી યાદે દુભવજો ના સુખી તમ જિંદગાની;  
કદી સ્વાધિનતા આવે - વિનંતી, ભાઈ, છાનીઃ  
અમોનેય સ્મરી લેજો જરી, પળ એક નાની!  
શહીદો તમને પ્રણામ!

(અનુસંધાન પૃષ્ઠ ૩૦ થી ચાલુ)

જ એવો ગયો હશે જે દિવસે એ કોઈને ઉપયોગી ન બન્યા હોય. ગાંઠનું ગોપીચંદ ઘસીને સેવા કરતા. માધ્યમિક શિક્ષકોના સંગઠનના પ્રમુખ બન્યા. પોતાના ખર્ચે શિક્ષકો પાસે જાય અને તેમના પ્રશ્નો ઉકેલે. એક સસ્પેન્ડ થયેલા શિક્ષક શ્રી અનિલ પટેલ માટે કરેલા પ્રયત્ન અને દોડધામ બાદ તેમને ન્યાય અપાવવાની સફળતા જોયેલ છે. કૌટિલ્યની વાત તેમણે સાચી પાડી હતી કે ''શિક્ષક કભી સાધારણ નહીં હોતા...''

રિટાયર્ડ થયા પછી પણ સેવા પ્રવૃત્તિ ચાલુ જ હતી. વૈદિક ગણિત માટે તેમના પ્રયત્નો નોંધ લેવી પડે તેવા હતા. સગા-સંબંધી અને મિત્રોના પુત્ર-પુત્રી કે તેમના પણ પુત્ર-પુત્રીને પણ બોર્ડની પરીક્ષા માટે માર્ગદર્શન આપવા સામેથી જતા. અમેરિકા ગયા હોય તો ત્યાં પણ ગણિતનું જ્ઞાન ત્યાંના બાળકોને આપતા. થોડી અંગત વાત છેલ્લે એમણે મારી પુત્રીના પુત્રને બોર્ડમાં ધોરણ-૧૦માં CBSE માં માર્ગદર્શન આપવાનું વચન આપ્યું હતું. પણ ન આવી શક્યા અને સ્વર્ગે સીધાવ્યા પણ ત્યાં પણ ભગવાન પાસે શું રજૂઆત કરી હશે કે પરીક્ષા જ રદ કરાવીને કહ્યું લો બોર્ડમાં ગણતિમાં હવે કોઈ પ્રોબ્લેમ નહીં રહે બસ.

મારી શિક્ષક તરીકેની કારકીર્દીમાં શ્રી બચુભાઈ રાવલ મિત્ર, માર્ગદર્શક અને તત્વચિંતક રહ્યા છે.

# પર્યાવરણ સમીપે

- ડૉ. પ્રવીણ મકવાણા 'ગાફેલ'

આ ચોમાસામાં કયાં વૃક્ષો વાવીને ઉછેરશો.
**વૃક્ષ અને તેના નામ ઉપયોગ દર્શાવેલ છે.**

અહીં આપેલ વાવવા લાયક વૃક્ષોની યાદી મારી પાસે હાલમાં બીજની ઉપલબ્ધિને ધ્યાનમાં રાખી બનાવેલ છે. આ સિવાય પણ ઘણા વૃક્ષોને આ યાદીમાં સમાવી શકાય,

૧. **અગથિયો :** શેઢે વાવેતર માટે સારો, ઝડપી વિકાસ, જમીનની ફળદ્રુપતા વધારે, ઔષધીય મહત્વ ધરાવે છે.

૨. **અરીઠા :** સદાહરિત, ઔષધીય મહત્વ ધરાવે છે. સાબુ, શેમ્પુ બનાવાય છે.

૩. **આસિતરો :** આસુંદરો કે આપ્ટો પણ કહે છે. ઔષધીય મહત્વ ધરાવે છે.

૪. **કડાયો :** ખરાબો, કોતરો, નદીકિનારે વાવવા લાયક મોટું વૃક્ષ છે. તેનો ગુંદર ઔષધીય મહત્વ ધરાવે છે.

૫. **કેરડા :** શેઢાપાળા માટે સારા છે. કેરડાનું અથાણું ઉત્તમ મનાય છે. કેરડાના લાકડાને ઉધઇ લાગતી નથી. ઔષધીય મહત્વ ધરાવે છે.

૬. **કાંચનાર સફેદ :** લુપ્ત થતું વૃક્ષ છે. ઔષધીય મહત્વ ધરાવે છે.

૭. **ખેર :** શેઢેપાળે વાવવા લાયક કંટકીય વૃક્ષ છે. ઔષધીય મહત્વ ધરાવે છે. કાથો ખેરમાંથી બને છે.

૮. **ખીજડો :** શમી, વિલુપ્ત થતું ઔષધીય મહત્વ ધરાવતું વૃક્ષ છે. ખીલામૂળ ખૂબ જ ઊંડા હોય છે.

૯. **ખાખરો :** ખૂબ જ ઔષધીય મહત્વ ધરાવતું વૃક્ષ છે. વસંતની શોભા છે. મૂળ, છાલ, થડ, ડાળી, પાન, ફૂલ, ફળ, બીજ તમામ ઉપયોગી છે.

૧૦. **ગરમાળો :** ઔષધીય મહત્વ ધરાવતું મોટું આકર્ષક વૃક્ષ છે. પીળા ફૂલોના ઝૂમખા મન મોહી લે છે. લાંબી, મોટી શિંગો લટકતી હોય છે.

૧૧. **ગુંદી :** શેઢેપાળે વાવવા લાયક નાનું ઔષધીય ગુણ ધરાવતું વૃક્ષ છે. પક્ષીઓને પ્રિય છે.

૧૨. **પનેરવો :** બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની અનુભૂતિ કરાવતું ત્રિપર્ણિક ધરાવતું વૃક્ષ ઈન્દ્રના બાગનું પુષ્પવૃક્ષ કહેવાય છે.

૧૩. **પીલુ :** ખેતરના શેઢે જીવંત વાડ તરીકે પીલુ ઉત્તમ ઔષધીય વૃક્ષ છે. પક્ષીઓનો આશરો છે.

૧૪. **ફાલસા :** બુલબુલ તથા ઘણા પક્ષીઓનું માનીતું વૃક્ષ છે. ફળ ખટમીઠાં અને પૌષ્ટિક ગુણ ધરાવે છે.

૧૫. **બોરસલી :** સદાહરિત, ઘટાદાર અને ઔષધીય ગુણો ધરાવતું વૃક્ષ છે.

૧૬. **રક્તચંદન :** આરક્ષિત કક્ષાનું ઔષધીય ગુણ ધરાવતું વૃક્ષ છે. લાકડું ખૂબ જ કિંમતી હોય છે.

(અનુસંધાન પૃષ્ઠ ૩૯ ઉપર)

# મારું જીવન અંજલિ થાજો!

- પ્રીતિ શાહ

બૅંગાલુરુમાં રહેતી પુષ્પા પ્રિયા જે પુષ્પા એન.એમ.થી પણ જાણીતી છે. તે પોતાના જીવનના અનુભવે દૃઢપણે માને છે કે શિક્ષણનો અભાવ અને ગરીબીને સીધો સંબંધ છે. જીવનમાં ગરીબી અને હાડમારીમાંથી બહાર નીકળવાનો એક જ ઉપાય છે અને તે છે શિક્ષણ. તેથી જ આજે અભ્યાસમાં મુશ્કેલી અનુભવતા અનેક વિદ્યાર્થીઓને તે અનોખી રીતે મદદરૂપ થાય છે. અનેક પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ કે પરીક્ષામાં પેપર લખવા માટે સક્ષમ ન હોય તેવા અનેક વિદ્યાર્થીઓના સ્ક્રાઇબ્સ અર્થાત્ રાઇટર તરીકે કામ કરે છે. નાનપણથી જ અનેક મુશ્કેલીઓ અને સંઘર્ષોનો સામનો કરીને પુષ્પા મોટી થઈ છે. સામાન્ય કુટુંબમાં જન્મેલી પુષ્પાનો પરિવાર કામની શોધમાં પોતાના ગામ દોડબલ્લાપુરથી પચાસ કિમી.ના અંતરે આવેલા બૅંગાલુરુ આવ્યો. પુષ્પાના પિતાને કૉન્ટ્રાક્ટ વર્કર તરીકે કામ તો મળ્યું, પરંતુ ૧૯૭૮માં અકસ્માત થવાથી પથારીવશ થઈ ગયા. ઘરનું ભાડું ભરવાનું અને ચાર વ્યક્તિઓનો પરિવાર ચલાવવાનું કામ માતા માટે મુશ્કેલ હતું. પુષ્પા અને તેનો ભાઈ એટલાં નાનાં હતાં કે માતાને મદદ કરી શકે તેમ નહોતાં. તેણે ઘરનાં કામ કરીને પણ બંને બાળકોને ભણાવ્યાં.

પુષ્પા તે દિવસોને યાદ કરતાં કહે છે કે જીવનનું લક્ષ શું છે કે તેને કોઈ કારકિર્દી બનાવવી છે - એ વિશે ક્યારેય વિચાર નહોતો કર્યો. તેનું કારણ એ હતું કે આર્થિક મુશ્કેલીને કારણે અસ્તિત્વ ટકાવવાનો જ વિચાર મનમાં સતત ચાલતો રહેતો, પરંતુ એક વાત એના મનમાં સ્પષ્ટ આકાર લઈ રહી હતી કે પોતાની જિંદગીમાં જે સહન કરવું પડ્યું છે તેવી રીતે અન્ય કેટલા બધા લોકો પણ દુઃખી છે, તેમને કોઈ ને કોઈ સ્વરૂપે મદદ કરવી. ૨૦૦૭માં એક દિવસ તે ચાલતા જવાને બદલે બસમાં બેઠી. બસમાં તેની મુલાકાત એક પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ સાથે થઈ અને પછી તેની સાથે વાતચીતનો સંબંધ ચાલુ રહ્યો. એક દિવસ એણે પુષ્પાને કહ્યું કે તેને પરીક્ષા આપવાની છે તો તે તેની રાઇટર તરીકેની કામગીરી બજાવશે?

પુષ્પાને પોતાના કૉલેજકાળના દિવસો યાદ આવ્યા. તે જ્યારે પ્રિ-યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી હતી, ત્યારે ફીના પૈસા ન હોવાથી કૉલેજ છોડી દેવાનો વિચાર કરતી હતી, પરંતુ કોઈ મિ. વાસુ નામની વ્યક્તિએ એના ફીના પૈસા ભર્યા અને પછી તો પાર્ટ ટાઇમ નોકરી કરીને અભ્યાસ પૂરો કર્યો. તે મિ. વાસુને ઓળખતી પણ નહોતી અને આજે એ વ્યક્તિ ક્યાં છે તેની પણ તેને ખબર નથી, પરંતુ આજેય પુષ્પા તેનો આભાર માને છે. તે વિચારે છે કે આ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીને મદદની જરૂર છે, તો એણે કરવી જોઈએ. ઈશ્વરે જ એને માટે આવી તક ઊભી કરી છે. તે

જીવનમાં લોકોને મદદ કરવા માગતી હતી, તેથી એણે આ તક ઝડપી લીધી. તે વિચારે છે કે એની પાસે પૈસા નથી તો આ રીતે મદદ કરી શકાય. તેણે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીને રાઇટર તરીકે પોતે આવશે તેની જાણ કરી દીધી. પછી તેને ચિંતા એ થઈ કે તે બરાબર એને ન્યાય આપી શકશે, કારણ કે કયા વિષયની પરીક્ષા આપવાની છે તેની પણ ખબર નહોતી. પ્રથમ વખત રાઈટર તરીકે ગઈ, ત્યારે એક બાજુ તે નર્વસ હતી, તો બીજી બાજુ અભિભૂત બની ગઈ હતી. તેને થતું હતું કે તે પરીક્ષા હૉલમાંથી બહાર જતી રહે, કારણ કે તે વિદ્યાર્થી સવાલને ફરી ફરી પૂછતો હતો તેથી પુષ્પાને ડર લાગ્યો કે જો તેનાથી કોઈ ભૂલ થશે તો તે વિદ્યાર્થીને ભોગવવી પડશે. પછી તો ૨૦૦૭થી પુષ્પાએ અનેક વિદ્યાર્થીઓને મદદ કરી છે. છેલ્લાં સોળ વર્ષમાં તેણે ૧૦૮૬ વ્યક્તિઓને પરીક્ષાનાં પેપર લખવામાં મદદ કરી છે. તેમાં સ્કૂલથી માંડીને કૉલેજમાં અભ્યાસ કરતા તેમજ સિવિલ સર્વિસ, બૅંક જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અને પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓનો પણ તેમાં સમાવેશ થાય છે. આ કાર્ય માટે તેને ૨૦૧૯માં નારીશક્તિ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો છે.

પુષ્પાએ ઈંદિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીમાંથી કમ્પ્યૂટર સાયન્સમાં ડિપ્લોમાનો કોર્સ કર્યો છે અને એક કંપનીમાં નોકરી પણ કરે છે. પુષ્પાના આ કાર્ય વિશે જેમ જેમ જાણ થતી ગઈ, તેમ તેમ તેની માગ વધતી ગઈ. નોકરી અને પુષ્પાના આ પેશન વચ્ચે સમતુલા જાળવવી મુશ્કેલ છે, પરંતુ તેની કંપની એટલી ઉદાર છે કે તે આવાં કામ કરનાર પુષ્પાને સમયની અનુકૂળતા કરી આપે છે. પુષ્પા કહે છે કે માત્ર પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ જ નહીં, પરંતુ અકસ્માત થયો હોય, ફ્રૅક્ચર થયું હોય, સેરેબ્રલ પાલ્સીવાળા વિદ્યાર્થીઓ પણ હોય છે. સેરેબ્રલ પાલ્સી હોય તેમને સાંભળવા માટે અત્યંત ધીરજ જોઈએ. સ્ક્રાઇબ્સ બનવા માટે એક તો નિષ્ઠા જોઈએ અને ગોપનીયતાનો ગુણ જોઈએ. બાકી તો કર્ણાટક પૂરતી વાત હોય તો તમને કન્નડ અને અંગ્રેજી બંને ભાષા આવડતી હોય તો તમે પેપર લખવામાં મદદ કરી શકો.

પુષ્પાએ સ્ક્રાઇબ્સ બનવા માગતા સ્વયંસેવકોનું એક ગ્રૂપ બનાવ્યું છે. પેપર લખનારે તેના સમય પ્રમાણે તે જગ્યાએ પહોંચવાનું હોય છે. તેનામાં ખૂબ ધીરજ અને અન્યને શાંતિથી સાંભળવાની ધીરજ હોવી જોઈએ. તે વ્યક્તિની સમગ્ર કારકિર્દીનો આધાર તમારા પર છે એવી જવાબદારીનું ભાન હોવું જોઈએ. તેથી જે વિષયમાં કંઈ જ ખબર ન પડતી હોય તેમાં એકાગ્ર ચિત્તે ખૂબ ધ્યાનપૂર્વક સાંભળીને લખવું જોઈએ. પરીક્ષા પહેલા સ્ક્રાઇબ્સને તેના નિયમો આપવામાં આવે છે, જેથી શિસ્તબદ્ધ વર્તણૂક રહે. પુષ્પાનું માનવું છે કે આવા વિદ્યાર્થીઓની સમાંતર પરીક્ષા લેવી જોઈએ. આજે દર મહિને જુદા જુદા વિષયમાં થઈને એક હજાર સ્ક્રાઇબ્સની જરૂર છે. આજની ભાગદોડભરી જિંદગીમાં

(અનુસંધાન પૃષ્ઠ ૩૯ ઉપર)

# ગુરુજીનું ઋણ

- ડૉ. હર્ષદ વી. કામદાર

બી. જે. મેડિકલ કૉલેજના મેડિસીન વિભાગના વડા અને સિનિયર પ્રોફેસર ડૉ. સી. સી. ડામોરસાહેબનો સવારનો રાઉન્ડ ચાલુ હતો. તેમની સાથે રહેલા જુનિયર રેસીડેન્ટસ, સિનિયર રેસીડેન્ટ્સ, પોસ્ટ ગ્રેજયુએટ સ્ટુડન્ટ્સ, આસિસ્ટન્ટ પ્રોફેસર વિગેરે મનમાં ગભરાઈ રહ્યા હતા. ડૉ. ડામોરસાહેબનું જ્ઞાન અને અનુભવ એટલા વિશાળ હતા કે કોઈપણ ડૉક્ટરને રાઉન્ડમાં પ્રશ્ન પૂછી ગભરાવી નાખતાં, છતાં પણ તેમના રાઉન્ડમાં અઢળક શીખવા મળતું, તેથી બધા જ ડૉક્ટરો તેમના રાઉન્ડમાં જોડાવા તત્પર રહેતા.

બીજે માળે મેઇલ મેડિકલ વોર્ડમાં રાઉન્ડ ચાલુ હતો. ત્રીજી ખાટલે આવતા સાહેબ અટકીને દર્દીને તાકી રહ્યા.

બ્યાસી વર્ષના કાકા, વધેલી દાઢી છતાં ભવ્ય કપાળ, વાળના ઠેકાણા નહિ, ફાટી ગયેલા કપડાં છતાં સારા ઘરના બુર્જુગ લાગતાં હતા. જૂનું પણ સોનું તો સોનું જ છે, તેમ આ લઘરવઘર વૃદ્ધ પણ તેના ચહેરા ઉપરના તેજ ઉપરથી વિદ્વાન લાગતા હતા. સાહેબે તેમની હિસ્ટ્રી રેસીડેન્ટ ડૉક્ટરને પૂછી.

''સાહેબ, આમનું નામ છે કૃપાશંકર ત્રિવેદી. ઉંમર છે બ્યાસી વર્ષ, દાહોદ બાજુના ગામડામાં બહાર રઝળતા મળી આવેલ છે. આવ્યા ત્યારે સખત તાવ અને ન્યુમોનિયાથી ખમખમી ગયા હતા. વ્યવસાયે શિક્ષક હતા, ચોવીસ વર્ષ પહેલા નિવૃત્ત થયા પછી શાળા પ્રાઈવેટ ટ્રસ્ટની હોવાથી પેન્શનની જોગવાઈ ન હતી, તેથી આવકનું સાધન કાંઈ ન હોવાથી ગામડામાં માગી ભીખીને ગુજરાન ચલાવી રહ્યા હતા.'' રેસીડેન્ટ ડૉક્ટરે એકી શ્વાસે તમામ હિસ્ટ્રી વાંચી સંભળાવી.

''તેના કુટુંબમાં કોઈ નથી?'' ડામોર સાહેબ પ્રશ્ન પૂછીને ભૂતકાળમાં ડૂબી ગયા. વર્ષો પહેલાના દાહોદની બાજુના રામપુરા ગામમાં રહેતું ગરીબ આદિવાસી કુટુંબ તેની નજર સામે તરવરી ઉઠ્યું. બાપ દારૂડિયો હોવાથી જુવાન ઉંમરે લીવર ફેઇલ થતાં ગુજરી જવાથી માતા દિવાળીબેન ઉપર તેમના એકના એક દિકરા ચકાના ભણતર અને ગુજારાનો ભાર આવી પડ્યો. રસ્તાની સાફસફાઇ અને લોકોના કપડાં વાસણ કરી માંડમાંડ દિવાળીબેન ગુજારો કરતા. તેના દિકરાનું નામ હતું ચતુરભાઈ ચીમનભાઈ ડામોર પણ ગામમાં બધા તેને ચકોજ કહેતા હતા.

ચકાભાઈ ભણવામાં હોંશિયાર હતા. બારમા ધોરણમાં બોર્ડમાં બાણુ ટકા સાથે સમગ્ર જિલ્લામાં પ્રથમ હતા. પણ હવે દિવાળીબેનથી કામ થતું નહિ, તેથી તે ચકાને ભણવાનું બંધ કરી પોતાના કામમાં જોતરાઈ જવાનો આગ્રહ કરતાં હતા.

ચકાભાઈ તેની શાળામાં તમામ શિક્ષકોના પ્રિય હતા, પણ કૃપાશંકર ત્રિવેદીની કૃપા તેની ઉપર સૌથી વધારે હતી. ચકાને મેરિટ લિસ્ટ

પ્રમાણે બીજે મેડિકલ કૉલેજમાં એડમિશન મળતું હતું, પણ માતાના આગ્રહથી દ્વિધામાં પડી ગયો. ત્રિવેદી સાહેબને ખબર પડતાં તે પોતે ચકાને ઘેર દિવાળીબેનને મનાવવા આવ્યા.

આદિવાસી વિસ્તારમાં બ્રાહ્મણ સાહેબને આવેલા જોઈ તમામ વસ્તી ટોળેવળી ચકાને ઘેર આવ્યા. ''બેન, તમે ચકાને મેડિકલમાં ભણાવી ડૉક્ટર બનાવો'' ત્રિવેદી સાહેબે કહ્યું.

''સાહેબ, હવે મારાથી કામ થતું નથી. તેથી ચકાને મેડિકલ ભણાવવાના પૈસા લાવું ક્યાંથી?'' દિવાળીબેને પોતાની વ્યથા ઠાલવી.

''બેન, તેની ચિંતા ના કરો. હું બનતી મદદ કરતો રહીશ, અને ચકાને તેની મેરીટ ઉપર સ્કોલરશીપ અપાવી દઇશ.'' ત્રિવેદી સાહેબે વિશ્વાસપૂર્વક કહ્યું. સાચેજ ત્રિવેદીસાહેબે ચકાને સ્કોલરશીપ અપાવી, તેના રહેવા, ખાવા પીવાનો પ્રબંધ કરી આપ્યો. વચ્ચે વચ્ચે દિવાળીબેનને પણ મદદ કરતા રહ્યા.

ચકાભાઈ ભણીગણીને એમ.ડી. થઈ બીજે મેડિકલ કૉલેજમાં જ આસી. પ્રોફેસર બન્યાને બીજે જ વર્ષે દિવાળીબેને અંતિમ વિદાય લીધી ત્યારે કહેતા ગયા. ''બેટા, ત્રિવેદીસાહેબને લીધે જ તું આટલો મોટો સાહેબ થયો છે, નહિતર તું પણ રોડ સાફ કરતો હોત. તેમનું ઋણ ભૂલતો નહિ.''

વર્ષોના વહાણા વાયાને ચકાભાઈ બની ગયા ડૉ. સી. સી. ડામોરસાહેબ, પ્રોફેસર ઑફ મેડિસિન. સમય પણ કેવા ખેલ ખેલે છે? આજે વર્ષો પછી ત્રિવેદીસાહેબ મળ્યા પણ કેવી હાલતમાં? ડામોરસાહેબથી હાયકારો નીકળી ગયો.

અચાનક રેસીડેન્ટ ડૉક્ટરના જવાબથી સાહેબ પાછા વર્તમાનમાં આવી ગયા.

''સાહેબ આમના પત્નીનું ગયા વર્ષે અવસાન થવાથી એકલા જ છે. એક દીકરો હતો. તે ભણીભણી ડૉક્ટર બનીને અમેરિકા ગયોને ત્યાંની ગોરી મેડમને પરણી ઈન્ડિયા અને મા-બાપને સાવ ભૂલી જ ગયો. ઘરનું ભાડું છ મહિના સુધી ન ભરવાથી તેમને ફૂટપાથ પર લાવી દીધા.'' રેસીડેન્ટે જાણકારી આપી.

''સારુ, સારુ, તેમની સારામાં સારી સારવાર કરજો, તેમને ખાવાપીવામાં તકલીફ ના પડવી જોઈએ. કપડાં પણ ફાટેલાં છે, લો હજાર રૂપિયા, બે જોડી કપડાં અને બીજી કોઈ જરૂરિયાત માટે'' કહીને ડામોર સાહેબે રૂપિયા તેના રેસીડેન્ટને આપ્યા. બધાને નવાઈ લાગતી હતી, સાહેબને આ બ્રાહ્મણ સાથે શું સંબંધ હશે? ''કેટલાક સંબંધોને બધા ક્યાં સમજી શકે છે?''

સાંજે પાંચ વાગે સાહેબનો વોર્ડમાં ફોન આવ્યો. ''ત્રીજા ખાટલાના દર્દીને કેમ છે?'' સિસ્ટર ગભરાઈ ગયા. તેણે બધા રેસીડેન્ટ ડૉક્ટરોને કોલ કરી બોલાવી લીધા. બધા સમજી ગયા, સાહેબ આ દર્દી માટે ગમે ત્યારે આવી શકે છે, તેથી ખૂબ જ ચીવટથી ઘનિષ્ઠ સારવારમાં લાગી ગયા.

ડામોરસાહેબની મહેનત અને સ્ટાફની ઘનિષ્ઠ સારવારથી ત્રિવેદીકાકા છ દિવસમાં સારા થઈ ગયા. ત્રિવેદીકાકાએ સાંભળ્યું હતું કે ડૉક્ટરો બહુ સેવાભાવી અને માયાળું હોય છે, પણ આ ડામોરસાહેબ આટલી બધી માયા કેમ રાખે છે, તે સમજાતું ન હતું.

''સાહેબ આ ત્રિવેદીકાકાને રજા આપીશું તો તે જશે ક્યાં? તેમને તો કુટુંબ કે ઘર કંઈ જ નથી.'' રેસીડેન્ટે મૂંઝવણ બતાવી. ડામોર સાહેબે બીજા દિવસે સવારે રજા આપવાનું કહ્યું.

બીજા દિવસે સવારે ડામોર સાહેબના પત્ની, ગાડી અને ડ્રાઈવર સાથે અગ્યિાર વાગે સિવિલમાં આવી ગયા. ત્રિવેદીકાકાને રજા આપી ડામોરસાહેબે પોતે હાથ પકડી બહાર લઈ જવા લાગ્યા. તેની પાછળ આખો સ્ટાફ મદદ કરવા દોડ્યો. ત્રિવેદીકાકા શરમથી પાણી પાણી થઈ ગયા. આખો વોર્ડ વિચારી રહ્યો હતો આ ગરીબ બ્રાહ્મણ નસીબદાર છે, પણ તેમને ક્યાં ખબર હતી, ડામોરસાહેબ તેમનું ઋણ ઉતારી રહ્યા છે.

ત્રિવેદીકાકા વિચારી રહ્યા, આવડા મોટા અમદાવાદમાં હું કઈ ફૂટપાથ પર રહીશ, ભીખ માંગવા ક્યાં બેસીસ, અહીં તો પોલીસ બહુ હેરાન કરે છે. કદાચ એટલે જ સાહેબ વૃદ્ધાશ્રમમાં વ્યવસ્થા કરતાં લાગે છે.

નીચે ગાડીમાં બેસતા ત્રિવેદીકાકા હજુ ક્યાં જવાનું છે, તે સમજી શકતા ન હતા. તેમણે પૂછ્યું ''ડૉક્ટર સાહેબ, આપની ગાડીમાં મારે ક્યાં જવાનું છે?''

અત્યાર સુધી રોકી રાખેલું રહસ્ય હવે ડામોરસાહેબ ધીમેથી ખુલ્લું કર્યું. ''માસ્તર સાહેબ, આપને યાદ છે, ત્રીસ વરસ પહેલા ચકા નામના આદિવાસી છોકરાને તમે મદદ કરી ડૉક્ટર બનાવ્યો હતો. હવે તેને આ ઋણનો ભાર ઉતારવાની તક તો આપો. તમારે હવે મને સાહેબ નહિ, ચકો જ કહેવાનું છે. તમારે હવે અમારા ઘેર જ રહેવાનું છે.'' ચકાને યાદ કરતાં ત્રિવેદી સાહેબ રડી પડ્યા. અરે, ચકા તું. આટલો મોટો સાહેબ બની ગયો છે?'' તેમ કહી ગળે લગાડી દીધો.

ઋણનો ભાર ઉતરતા ડામોરસાહેબ હલકાફૂલ થઈ ગયા. એકલવ્યએ તેનો અંગૂઠો ગુરૂ દ્રોણને અર્પણ કર્યો, તેનાં કરતાં પણ વધારે આનંદ અનુભવતાં હતા.

ઉપર વોર્ડમાંથી ડૉક્ટરો, સિસ્ટર્સ અને દર્દીઓ ગુરૂશિષ્યનું અજોડ મિલન જોઈ રહ્યા. એશિયાની સૌથી મોટી હોસ્પિટલના પ્રોફેસર પહેલી વખત ભિખારી દર્દીને પોતાની ગાડીમાં બેસાડી ઘેર લઈ જતાં હતા.

---

(અનુસંધાન પૃષ્ઠ ૩૪ થી ચાલુ)

**૧૭. વાંસ :** આવક આપતું, ઝડપી વધતું, ફેલાતું વૃક્ષ છે.

**૧૮. શિવજટા :** પામી વૃક્ષ છે. શોભા માટે ઉછેરાય છે. તેની તાજી માડી ઔષધીય ગુણ ધરાવે છે.

**૧૯. સફેદ ચંદન :** ઔષધીય મહત્વ ધરાવતું સદાહરિત વૃક્ષ છે. લાકડું અને તેલ ખૂબ જ કિંમતીહોય છે.

**૨૦. સાગ :** ઝડપથી વધતું, ખૂબ જ ઊંચું થતું વૃક્ષ છે. ઈમારતી લાકડા માટે અગત્યનું છે.

**૨૧. સિંદૂરી :** પ્રતિ વૃક્ષ ૮ થી ૧૦ કિલો સિંદૂર મળી રહે છે. ખોરાકમાં રંગ તરીકે બિનઝેરી અને સલામત મનાય છે. હનુમાનને સિંદૂર લગાવાય છે.

આંગણકા પ્રા. શાળા તા. મહુવા,
જિ. ભાવનગર-૩૬૪૨૯૫
મો. ૯૪૨૮૬૧૯૮૦૯
pravinmakwana23@gmail.com

---

(અનુસંધાન પૃષ્ઠ ૩૬ થી ચાલુ)

સહુ વ્યસ્ત છીએ, પરંતુ આવા કામથી અનોખો સંતોષ મળે છે. તેમની દિવ્યાંગતા શરીરના કોઈ ભાગમાં છે, હૃદયમાં નથી. આ રીતે મદદ કરીને ઊડવા માટે તેમને પાંખો આપી શકાય.

(સાભાર : વિશ્વવિહાર માસિક - માર્ચ ૨૦૨૫માંથી)

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**૩૨૭ સરકારી શાળામાં એક જ ઓરડો :**

શિક્ષણ વિભાગ દ્વારા વિધાનસભામાં રજૂ કરવામાં આવેલી માહિતી મુજબ રાજ્યમાં ૩૨૭ સરકારી પ્રાથમિક શાળામાં માત્ર એક જ ઓરડો છે. જ્યાં તમામ ધોરણના બધા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આવી સ્થિતિમાં એક ઓરડામાં વિદ્યાર્થીઓ કેવી રીતે અભ્યાસ કરતા હશે તે કલ્પના જ કરવી રહી. શિક્ષણ વિભાગે એવું પણ આશ્વાસન આપ્યું છે કે આગામી વર્ષોમાં તબક્કાવાર રીતે ઓરડા બનાવવામાં આવશે.

**માધ્યમિક શાળાઓમાં ૨૩૧૭ શિક્ષકની જગ્યાઓ ખાલી :**

રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ૨૩૧૭ શિક્ષકોની જગ્યા ખાલી છે. જ્યારે અમદાવાદની ગ્રાન્ટેડ માધ્યમિક શાળામાં ૨૭૮ શિક્ષકો વય નિવૃત્ત થતાં જગ્યા ખાલી પડી છે. આ ઉપરાંત ૨૦૨૩-૨૪માં ગ્રાન્ટેડ શાળાઓમાં ખાલી પડેલી આચાર્યોની જગ્યાઓમાં ૪૭૦ જગ્યામાં નિમણૂંક અપાઈ છે. હજી પણ ૯૦૦થી વધુ જગ્યા ખાલી પડી છે.

**ખેલ સહાયક ભરતીમાં વયમર્યાદા વધારી ૩૮ થી ૪૦ કરાઈ :**

સરકારી પ્રાથમિક શાળાઓમાં ખેલ સહાયકની ભરતીમાં વયમર્યાદા ૩૮ હતી જે વધારી ૪૦ કરવામાં આવી છે. સરકારી શાળામાં ૫૦૭૫ પીટી શિક્ષકોની જગ્યા ભરવા માટે સરકારે પ્રક્રિયા શરૂ કરી હતી, હવે આમાં આ સુધારો દાખલ કરાયો છે. આમ થવાથી ૫૭ જેટલા ઉમેદવારોને ફાયદો થનાર છે એમ જાણવા મળે છે.

**પ્રખરતા શોધ કસોટીમાં ૮ આઠ વિદ્યાર્થીઓને ૯૯.૯૯ પર્સેન્ટાઈલ :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટેની પ્રખરતા શોધ કસોટીના પરિણામ જાહેર થયા. આ પ્રખરતા શોધ કસોટીમાં ૧૦૦૦ વિદ્યાર્થીઓ પેપર-૧ અને પેપર-૨ના પરિણામ મુજબ મેરિટમાં આવ્યા છે. રાજ્યના વિવિધ જિલ્લાના કુલ મળીને એક હજાર વિદ્યાર્થી સારા રેન્કમાં આવ્યા છે. જેમાંથી આઠ વિદ્યાર્થીઓને ૯૯.૯૯ પર્સેન્ટાઈલ છે. જ્યારે મેરિટમાં અંતિમ વિદ્યાર્થીને ૯૮.૮૬ પર્સેન્ટાઇલ છે.

**ડમી શાળાના વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપી શકશે નહીં :**

નિયમિત રીતે શાળામાં ન જનારા સીબીએસઈના વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં

આવશે નહિ. તેમજ ડમી શાળાઓમાં પ્રવેશ લેવાની જવાબદારી વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતાની છે તેમ આ અંગેના કામ સાથે સંકળાયેલા સત્તાવાળા દ્વારા જાણવા મળ્યું છે.

આ અંગે એક એવા પણ સમાચાર પ્રસિદ્ધ થયા છે કે બોર્ડની ઓચિંતી તપાસ દરમિયાન જે વિદ્યાર્થી શાળામાં હાજર નહિ હોય તેવા વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા આપવા દેવામાં આવશે નહિ. વિદ્યાર્થી શાળામાં નિયમિત હાજર રહે તેની જવાબદારી વિદ્યાર્થીના માતા-પિતાની રહેશે.

આ નવા નિયમોનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી થાય તેવી શક્યતા છે.

**નેશનલ મીન્સ કમ મેરિટ શિષ્યવૃત્તિ :**

**૧૩૮ વિદ્યાર્થીને ૧૫૦થી વધુ માર્કસ :**

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નેશનલ મીન્સ કમ મેરિટ સ્કોરલશીપની પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. જેમાં ૧૩૮ વિદ્યાર્થીઓને ૧૫૦થી વધુ માર્ક્સ્ મળ્યા છે. આ પરીક્ષામાં કુલ ૨.૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા હતા.

કેન્દ્ર સરકારની નેશનલ મીન્સ મેરિટ સ્કોલરશીપ યોજના અંતર્ગત દર વર્ષે ધોરણ-૮ના વિદ્યાર્થીઓને ધોરણ-૯ થી ૧૨ના ચાર વર્ષ દરમિયાન આર્થિક સહાય માટે રાજ્ય સરકાર બોર્ડ દ્વારા કોમન ટેસ્ટનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે આ પરીક્ષા તા.૨૨-૨-૨૦૨૫ના રોજ રાજ્યના વિવિધ તાલુકા મથકોના કેન્દ્રોમાં યોજાઈ હતી. આ પરીક્ષા રાજ્યના ૨૨૦૩૯૪ વિદ્યાર્થીઓએ આપી હતી. આ પરીક્ષામાં ક્વોલિફાઈંગ થનાર તમામ વિદ્યાર્થીઓમાંથી નિયત ક્વોટા અનુસાર મેરિટમાં આવેલ ૫૦૯૭ વિદ્યાર્થીઓને જ શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

**સીએ ઈન્ટરમીડિએટમાં પ્રથમવાર અમદાવાદના ૧૧(અગિયાર) વિદ્યાર્થીઓ ટોપ ૫૦માં આવ્યા :**

આઈસીએઆઈ દ્વારા જાન્યુઆરી માસમાં લેવાયેલી સીએ ઈન્ટરમીડિએટ અને ફાઉન્ડેશનની પરીક્ષાનું પરિણામ જાહેર થયું. જેમાં સીએ ઈન્ટરમીડિએટમાં અમદાવાદના એક સાથે ૧૧ વિદ્યાર્થીઓ દેશના ટોપ ૫૦ ઑલ ઈન્ડિયા રેન્કમાં આવ્યા છે. સી.એ. ઈન્ટરમીડિએટનું સમગ્ર દેશનું ૧૪.૦૫ ટકા પરિણામ રહ્યું છે. સીએ ફાઉન્ડેશન પ્રોગ્રામનું પરિણામ ૨૧.૫૨ ટકા રહ્યું છે. અને ફાઉન્ડેશન પરીક્ષામાં સમગ્ર દેશમાંથી ૧૧૦૮૮૭ વિદ્યાર્થીઓમાંથી ૨૩૮૬૧ વિદ્યાર્થીઓ જ પાસ થયા હતા.

**ટોપ-૫૦માં આવેલા અમદાવાદના ૧૧ રેન્કર**

| વિદ્યાર્થી | રેન્ક |
|---|---|
| વિધિ તલાટી | ૧૨ |
| નીલ ગોલાણી | ૨૨ |
| જૈશિલ શાહ | ૨૪ |
| વંશ પટેલ | ૨૫ |
| પ્રેયાંસ ખંધાર | ૩૯ |
| જીત ગજ્જર | ૪૧ |
| હર્ષ પામ્ભોર | ૪૩ |
| હેત પટેલ | ૪૪ |
| જીત પટેલ | ૪૬ |
| સુશાંત રેલવાણી | ૪૭ |
| આદિત શાહ | ૪૯ |

**આર્કિટેક્ચરમાં આ વર્ષથી પ્રો-રેટા નિયમ દૂર કોમન મેરિટથી જ પ્રવેશ :**

સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ટેક્નિકલ કોર્સિસમાંના એક એવા આર્કિટેક્ચર કોર્સમાં પ્રવેશ માટે આ વર્ષે વિવિધ બોર્ડના પ્રો-રેટ મુજબ વિદ્યાર્થીઓને પ્રવેશ માટેનો નિયમ દૂર થશે અને આ વર્ષથી તમામ બોર્ડના કોમન મેરિટના આધારે પ્રવેશ અપાશે. જ્યારે જેઈઈ પણ લાગુ થઈ હોવાથી જેઈઈ પેપર-૨ અને નાટાના આધારે પ્રો-રેટા મુજબ વિદ્યાર્થી નક્કી કરી પ્રવેશ અપાશે. ડિગ્રી આર્કિટેક્ચરમાં હાલ રાજ્યમાં ૨૦ જેટલી કૉલેજો (બે ગ્રાન્ટેડ)માં ૧૪૫૦થી વધુ બેઠકો ઉપલબ્ધ છે. જેમાં આ વર્ષે વધવાની સંભાવના છે.

**શાળાઓનું ઉનાળું વેકેશન :**

તારીખ ૦૫-૦૫-૨૦૨૫થી તારીખ ૦૮-૦૬-૨૦૨૫ સુધી ૩૫ દિવસનું શાળાઓમાં ઉનાળુ વેકેશન રહેશે. તારીખ : ૦૯-૦૬-૨૫થી શાળાઓ રાબેતા મુજબ શરૂ થશે.

વિદ્યાર્થી ભાઈ-બહેનો, આનંદો-આનંદો...

**ડૉ. પ્રવીણ દરજીને માઈકા એવોર્ડ :**

ગુજરાતી ભાષા સાહિત્યના સર્જક પદ્મશ્રી પ્રવિણ દરજીને MICA અંજલિ ખાંડવાળા ક્રિએટિવ મેન્ટર એવોર્ડ MICA સ્કૂલ ઑફ આઈડિયાઝમાં ડૉ. પ્રદીપભાઈ ખાંડવાળાના હસ્તે અર્પણ કરવામાં આવ્યો. રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત લેખાતો આ ઍવોર્ડ દેશ-વિદેશમાં રહેલી પ્રેરણાત્મક અને માર્ગદર્શક નીવડેલી પ્રવૃત્તિઓની સ્મૃતિમાં આપવામાં આવે છે. ડૉ. પ્રવીણ દરજીને ''ઘરશાળા'' માસિક પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.

**ટૂંકાવીને...**

- યુકે, યુએસએ, કેનેડા જતા વિદ્યાર્થીઓમાં ૪૧ ટકા ઘટાડાને કારણે ૬૦૦ જેટલી IELTS ઇન્સ્ટિટ્યૂટ બંધ થઈ.
- ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રોવિઝનલ આન્સર કી જાહેર થઈ. ધોરણ-૧૨ સાયન્સમાં મેથ્સ અને કેમેસ્ટ્રીમાં ૧-૧ માર્કનું ગ્રેસિંગ.
- આરટીઈમાં પ્રવેશ માટે આવક મર્યાદા વધારીને રૂપિયા ૬ (છ) લાખ કરાઈ. આ નિર્ણયથી અનેક વાલીઓ રાહત અનુભવશે.
- ખાનગી મેડિકલ કૉલેજોમાં ૫૦ ટકા બેઠકોમાં સરકારી ફી લાગુ નહીં થાય.
- બી.એડ્. કૉલેજોના ડ્રાફ્ટ રેગ્યુલેશન્સમાં સુધારો થશે. હાજરી ઓનલાઈન કરાશે.

---

(અનુસંધાન પૃષ્ઠ ૨૦ થી ચાલુ)

તકલીફ-પીડા સાથે બેસી ખભે હાથ મૂકી સાંભળી શકે. નિઃસ્વાર્થભાવે અજાણ્યા માણસ સાથે પણ સ્મિતનો સંવાદ ચોક્કસ આચરી શકે. આપણી આજુબાજુના સંબંધોમાં કમસેકમ આપણી માનસિક હાજરી સાથે, સંગાથે હોવાપણાની ગરિમા જાળવી, સાચા સંવાદનો સેતુ સ્થાપી શકીએ. માણસ માણસ વચ્ચે, અન્યના સુખે સુખી રહેવાની અને દુઃખે દુઃખી થવાની ભાવના કેળવાય અને એક સંવેદનશીલતાનો સેતુ રચાય. જેથી માણસ બીજાનું દુઃખ અનુભવી શકે, બીજાની પીડા માટે કમસેકમ સંવેદનશીલ બની શકે તેમજ તેનાથી થાય એટલો શાબ્દિક સથવારો આપી શકે તો કદાચ જીવનમાં ક્યારેક કોઈની જિજીવિષા ખૂટી શકે જ નહીં.


# પ્રકાશન વિભાગ



**શિક્ષણપ્રયોગ**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૨૨૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




**ડોલ્ટન યોજના**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૭૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




**વિરલ વિદ્યાપુરુષ**
ડૉ. મોહનભાઈ પંચાલ
કિંમત : ૧૦૦/-
પ્રકાશક : હરભાઈ સ્મારક નિધિ




**શિક્ષણ વિચાર**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




**જીવનલક્ષી શિક્ષણ**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**કોઈએ નહોતું કીધું**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૪૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**સ્મરણયાત્રા**
જશીબેન નાયક
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**સપનાં થયાં સાકાર**
હરિત પંડ્યા
કિંમત : ૧૨૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય



**સ્મૃતિ સુમન**
કિંમત : ૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**કાળી વાદળી ઉજળી કોર**
જશીબેન નાયક
કિંમત : ૧૬/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**સ્મૃતિના અસવાર**
જશીબેન નાયક
કિંમત : ૪૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**LIGHT IN THE EAST**
FREDA WHITLAM
Price : 40/-
Publisher :
Saraswati Vidya Mandal

NEW


**સંભારણાં**
કિંમત : ૧૭૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW


**સ્મૃતિ ઝરણાં**
કિંમત : ૧૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW


**સ્મરણ પુષ્પ**
કિંમત : ૯૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW



**સરદાર ગાથા**
કિંમત : ૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

ઘરશાળા
મે-૨૦૨૫

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-

# ભવભવને ઘાટ

એક અનંત ઉચાટે,
વિચરું ભવ ભવને ઘાટે.

ક્ષિતિજ કિનારે પાંખ પછાડું,
દિગન્તને ઉંબરે ડગ માંડું,
સૂર્ય તણી પરકમ્મા કોટિ
આદરું તુજ માટે. વિચરું૦

જીવનનાં ભાથાં લઈ બાંધી,
મૃત્યુ તણા વનવગડા વીંધી,
કાળ કિનારે ભટકું હરદમ
તવ દર્શન તલસાટે. વિચરું૦

— સુંદરમ્

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું